
# આત્મધર્મ

માસિક : વર્ષ-૯ * અંક-૨ * ઓક્ટોબર, ૨૦૧૪



સ્વ-પરનું જાણવું તે ઉપાધિ નથી, અને વિકારનું કારણ પણ નથી. અજ્ઞાની કહે છે કે અમને પરદ્રવ્ય જણાતાં રાગાદિ થાય છે માટે કોઈ પરદ્રવ્યનું લક્ષ કરવું નથી. તો તે સ્વ-પરપ્રકાશક જ્ઞાનની સ્વચ્છતાને જાણતો નથી. જ્ઞાની તો જેને જાણે તેને સમ્યક્જ્ઞાનની સ્વચ્છતા જાણે છે. તેમાં રાગનો અભિપ્રાય નથી, તેથી તેનું જેટલું જ્ઞાતાભાવથી જાણવું છે તેટલી વીતરાગતા છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

# આગમ-મહાસાગરનાં અણમૂલાં રત્નો

* યહ આત્મા અપને હી દ્વારા અપને સંસારકો કરતા હૈ ઔર અપને દ્વારા આપ હી અપને લિયે મોક્ષ કરતા હૈ, ઈસ કારણ આપ હી અપને શત્રુ હૈ, ઔર આપ હી અપના ગુરુ હૈ, યહ પ્રકટતયા જાનો–પર તો બાહ્ય નિમિત્તમાત્ર હૈ. ૧૪૩૮. *(શ્રી શુભચંદ્રાચાર્ય, જ્ઞાનાર્ણવ, સર્ગ-૩૨, શ્લોક-૮૧)*

* ઉત્કૃષ્ટ વૈરાગ્ય પામવા છતાં પણ મુનિરાજ ઔદાસીન્ય વૃત્તિએ શરીરનું પાલન કરીને ચિરકાલ પર્યંત તપ કરે છે, એ માત્ર જ્ઞાનનો જ મહિમા છે. ૧૪૩૯.
*(શ્રી ગુણભદ્રાચાર્ય, આત્માનુશાસન, શ્લોક-૧૧૬)*

* જ્ઞાન મનુષ્યોંકે લિયે ક્યા ક્યા નહીં કરતા ? વહ અજ્ઞાનરૂપી અંધકારકો દૂર કરતા હૈ, આત્મામેં સ્વાનુભૂતિરૂપ પ્રકાશકો ઉદ્‌ભૂત કરતા હૈં, પરિણામોંમેં શાંતિ લાતા હૈ, ક્રોધકા વિનાશ કરતા હૈ, ધર્મભાવકો વિસ્તારતા હૈ ઔર પાપોંકા વિનાશ કરતા હૈ. ૧૪૪૦. *(શ્રી અમિતગતિ આચાર્ય, સુભાષિતરત્નસંદોહ, શ્લોક-૧૮૯)*

* કોઈ પ્રાણી વિષ ખાય તો તેની વેદનાથી તે એક જ જન્મમાં કષ્ટથી મરે છે, પરંતુ જે પ્રાણીઓએ ઇન્દ્રિયના ભોગરૂપી વિષનું પાન કર્યું છે તે પ્રાણીઓ આ સંસારવનમાં વારંવાર ભમ્યા કરે છે–વારંવાર મરે છે. ૧૪૪૧.
*(શ્રી કુંદકુંદાચાર્ય, શીલપાહુડ, ગાથા–૨૨)*

* ઈસ લોકમેં આગસે જલનેવાલોંકી તો શાંતિ હો હી જાતી હૈ, પરંતુ જો કામવાસનાકી આગસે જલતે રહતે હૈં ઉનકી શાંતિ ભવ ભવમેં ભી નહીં હોતી. ૧૪૪૨. *(શ્રી કુલધર આચાર્ય, સારસમુચ્ચય, શ્લોક-૯૨)*

* દેવ, નર, નારકી અને તિર્યંચના શરીર જડ છે; તેમાં ચેતનનો અંશ પણ નથી. ભ્રમથી તેને શ્રૃંગારે છે અને ખાન-પાન-અર્ક-રસાદિ લગાવવારૂપ અનેક જતન કરે છે, જૂઠમાં જ આનંદ માની માની હરખાય છે. મરેલાંની સાથે જીવતાની સગાઈ કર્યે કાર્યને કેવી રીતે સુધારે ?

જેમ શ્વાન હાડને ચાવે અને તેથી પોતાના ગાલ, ગળું અને પેઢામાંથી લોહી ઉતરે અને તેને જાણે કે ભલો સ્વાદ છે. તેમ મૂઢ પોતે દુઃખમાં સુખની કલ્પના કરે છે, પરફંદમાં સુખકંદ–સુખ માને છે. ૧૪૪૩. *(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૩૫)*

વર્ષ–૯
અંક૨




વિ. સંવત
૨૦૭૦

October
A.D. 2014





# અરિહંત ભગવાનનું સ્વરૂપ

(શ્રી નિયમસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

(તા. ૨૪-૪-૪૪, સોમવાર)



આત્મા પરથી નિરાળો છે; દેવ, ગુરુ, શાસ્ત્ર પણ પર છે, પરના અવલંબને આત્માનો ગુણ ત્રણકાળ ત્રણલોકમાં કોઈને ઊઘડ્યો નથી, ઊઘડતો નથી અને ઊઘડશે નહીં. છતાં પ્રથમ ભૂમિકામાં દેવ–ગુરુ–શાસ્ત્રની ભક્તિ આવ્યા વગર રહેતી નથી; વ્રત–તપ સમ્યગ્દર્શન વગર હોતા નથી. જે ભૂમિકાએ જે ન હોય ત્યાં તેનું સ્થાપન કરે તેને તો વ્યવહાર શ્રદ્ધાનાં પણ ઠેકાણાં નથી. જેમ સૂર્યનો સહજ સ્વભાવ કિરણ પ્રગટવાનો છે તેમ સમ્યગ્દર્શનનો સહજ સ્વભાવ આઠ આચાર છે.

જે ભૂમિકાએ જે હોય તે સમજ્યા વગર આગળ વધવા માંગે તો જ્ઞાન ખોટું છે, અને જો પૂર્ણ સ્વરૂપને ઓળખીને તેની ભાવના ન કરે તો શ્રદ્ધા ખોટી છે. શ્રદ્ધામાં તો પૂર્ણની જ ભાવના હોય, પણ અવસ્થાનું જ્ઞાન ભૂલવું ન જોઈએ. અધૂરી દશામાં રાગ હોય ખરો, પણ તે રાગ ધર્મનું કારણ નથી. જે ભાવે તીર્થંકર ગોત્ર બંધાય તે પણ રાગ છે–ધર્મ નથી. હઠ કરીને ધર્મમાં આગળ વધી શકાતું નથી. આત્માનું ભાન હોય, સહજ સ્વભાવની દૃષ્ટિ હોય અને વીતરાગતાની જ ભાવના હોય છતાં ભૂમિકા પ્રમાણે રાગ હોય છે, પણ દૃષ્ટિમાં તેનો આદર નથી.

**તિર્યંચ-નારક-દેવ-નર પર્યાય વૈભાવિક કહ્યા;**
**પર્યાય કર્મોપાધિવર્જિત તે સ્વભાવિક ભાખિયા. ૧૫.**　　　　**–શ્રી નિયમસાર**

પ્રશ્ન :—ભગવાનની ભક્તિ કરીએ તો ભગવાન સુખ આપે ને ?

ઉત્તર :—કોઈ કોઈને સુખી કે દુઃખી કરી શકતું જ નથી. ભગવાને તો બધાની સ્વતંત્રતાનો ઢંઢેરો પીટ્યો છે કે ''તું સ્વતંત્ર અને સુખની મૂર્તિ છો, જેવો હું છું એવો જ તું છો, પરમાર્થે તારામાં અને મારામાં કાંઈ ફેર નથી; તારો વિશ્વાસ કર્યા વગર બહાર ભટક્યે કાંઈ મળે તેમ નથી.'' આ રીતે ભગવાન સુખના માર્ગદર્શક છે, પણ ભગવાન કોઈને સુખ આપી દેતા નથી.

(અહીં સુધી ઉપોદ્‌ઘાતરૂપે કહેવાયું. અઢાર દોષની વ્યાખ્યા ચાલે છે, તેમાં ક્ષુધા, તૃષા અને ભય એ ત્રણ દોષો કહેવાયા છે.)

**૪–ક્રોધ** :—કષાયના ઉદયમાં જોડાવાથી તીવ્ર પરિણામ થવા તે ક્રોધ છે. ક્ષમાના ધારક ભગવાનને ક્રોધ હોતો નથી; કેમ કે પોતાની પૂર્વ અવસ્થામાં (નવમે ગુણસ્થાને) ક્રોધ કષાયનો જ નાશ કર્યો છે.

પ્રશ્ન :—બારમે ગુણસ્થાને તો ક્રોધ હોય ને? કેમ કે ત્યાં પરઘાતકર્મનો ઉદય છે.

ઉત્તર :—ન હોય, કેમકે ત્યાં મોહ નથી, તેથી પરઘાત કર્મ તો પ્રકૃતિમાં જાય છે.

**૫–રાગ** :—રાગ બે જાતનો છે. ૧–શુભરાગ અથવા પ્રશસ્ત રાગ, અને ૨–અશુભ રાગ અથવા અપ્રશસ્ત રાગ. દાનનો ભાવ, શીલનો ભાવ, ઉપવાસનો ભાવ અને ગુરુજનોની સેવાનો ભાવ એ ચાર પ્રકારમાં પ્રવર્તવાવાળો આત્માનો ઉપયોગ તે શુભરાગ છે, તેનાથી પુણ્ય બંધાય છે, શરીરની ક્રિયાથી પુણ્ય કે પાપ નથી. વીતરાગ થયા પહેલાં શુભરાગ થયા વિના રહેશે નહીં, પણ તે શુભરાગથી આત્માનો ધર્મ નથી. સમકિતીને પ્રશસ્ત રાગ હોય ખરો પણ તેમાં તેઓ ધર્મ માનતા નથી. તથા સ્ત્રીકથા, રાજકથા, ચોરકથા અને ભોજનકથા એ ચાર પ્રકારની વિકથાઓમાં આનંદ માનવો તે અશુભ રાગ છે. તે બન્ને પ્રકારનો રાગ ભગવાનને હોતો નથી.

પ્રશ્ન :—બીજા ધર્મ પામે તો સારૂં એવા શુભરાગથી ભગવાનની વાણી છૂટે ને?

ઉત્તર :—જે ભગવાન હોય તેને રાગ નહીં અને જેને રાગ હોય તે ભગવાન

**છે કર્મભૂમિજ ભોગભૂમિજ—ભેદ બે મનુજો તણા,**
**ને પૃથ્વીભેદે સપ્ત ભેદો જાણવા નારક તણા. ૧૬. –શ્રી નિયમસાર**

નહીં. ભગવાનને વાણી તો પૂર્વના કારણે સહજ છૂટે છે; ભગવાનને ઉપદેશ દેવાની ઇચ્છા હોય નહીં.

કોઈના લાભે તને લાભ નથી કે કોઈના નુકશાને તને નુકશાન નથી. 'મુંબઈની હોનારત' એ અકસ્માત નથી. સર્વજ્ઞના ન્યાયે બધું નિયમબદ્ધ જ બને છે. અકસ્માત એટલે ન બનવાનું બને એવું કદી થતું જ નથી. જે બનવાનું છે તેમાં લાખ ઇન્દ્રો ઉતરે તો પણ કાંઈ ફેરફાર કરી શકે નહીં. બધું વ્યવસ્થિત જ થઈ રહ્યું છે. જે થવાનું છે તેમાં બીજી કલ્પના શું કામ આવે? તને વસ્તુ સ્વભાવની ખબર ન હોય તેથી કાંઈ વસ્તુનું સ્વરૂપ ફરી જાય ?

પ્રશ્ન :—કેવળીને આહાર નથી એટલે ઉપવાસ છે ને ?

ઉત્તર :—વીતરાગ સ્વભાવીને આહારની વૃત્તિ નથી, તેથી ઉપવાસ એટલે કે 'આહારની વૃત્તિ છોડવાનો સંકલ્પ' તે પણ નથી. ભગવાનને શુભ કે અશુભ કોઈ રાગ નથી.

**૬—મોહ** :—ચાર પ્રકારના સંઘ ઉપર વાત્સલ્ય ભાવ થવો તે મોહ છે; સંતો–મુનિઓ કે ગણધર ઉપરનો પ્રેમ તે મોહ છે, ભગવાનને મોહ નથી. "આ મારો ભક્ત છે, તેના ઉપર પ્રેમ કરૂં" એવો ભાવ ભગવાનને નથી. અધૂરી દશામાં જ્ઞાનીને મુનિ–ધર્માત્મા પ્રત્યે વાત્સલ્ય ભાવ હોય ખરો, પણ અંદર પોતે સમજે છે કે આ રાગ મારૂં સ્વરૂપ નથી.

ભગવાનને ગણધર ઉપર પણ રાગ હોતો નથી. 'મહાવીર સ્વામીએ ગૌતમ ઉપરના રાગને કારણે નિર્વાણ વખતે તેમને યુક્તિથી દૂર કર્યા' એ વાત ખોટી છે; કેમ કે ભગવાનને રાગ હોઈ જ શકે નહીં, તથા ગૌતમસ્વામી તો ચાર જ્ઞાનના ધણી હતા, તે તો બધું (મહાવીરસ્વામી નિર્વાણ પામવાના છે એવું) જાણતાં જ હતા. ગૌતમ જેવા ભક્ત કે અથાગ નિંદા કરનાર અજ્ઞાની બેમાંથી એકે ઉપર ભગવાનને રાગ કે દ્વેષ નથી, ભગવાન તો વીતરાગ છે. તેને બદલે ભગવાનને પણ રાગવાળા માને તો જ્યાં અરિહંત કે સિદ્ધના સ્વરૂપની પણ ખબર ન મળે ત્યાં ધર્મનું સ્વરૂપ તો ક્યાંથી ઓળખે ?

**૭—ચિંતા** :—શુભ કે અશુભ વિચાર કરવો તે ચિંતા છે. આત્મામાં ગુણ–ગુણીના ભેદની વિચારણા તે પણ શુભવિચાર છે, 'હું સિદ્ધ સ્વરૂપ છું' કે 'હું પૂર્ણ થાઉં'

**તિર્યંચના છે ચૌદ ભેદો, ચાર ભેદો દેવના;**
**આ સર્વનો વિસ્તાર છે નિર્દિષ્ટ લોકવિભાગમાં. ૧૭.** **–શ્રી નિયમસાર**

એવા વિચાર પણ શુભ રાગ છે–ચિંતા છે, તે ભગવાનને નથી. ભગવાન શુભ–અશુભ બન્ને વિચાર ટાળીને પૂર્ણાનંદ સ્વરૂપનો અનુભવ કરી રહ્યા છે; શુભ–અશુભ બન્ને ટાળ્યા વગર કેવળજ્ઞાન થાય નહીં.

ભગવાનને શુક્લ ધ્યાન કહેવાય છે તે ઉપચારથી છે. કેવળજ્ઞાન પછી શરીર રહિત દશા તે સિદ્ધદશા, અને કેવળજ્ઞાની દેહસહિત બિરાજે તે અરિહંત કહેવાય છે. વર્તમાનમાં મહાવિદેહક્ષેત્રે શ્રી સીમંધરસ્વામી વગેરે વીસ તીર્થંકરો વીતરાગપદે સદેહે સાક્ષાત્ બિરાજી રહ્યા છે, તેમને અરિહંતદેવ કહેવાય છે, ચાર ઘાતિ કર્મના નાશથી તેમને કેવળજ્ઞાન વગેરે સ્વચતુષ્ટય પ્રગટ છે, હજી ચાર અઘાતિ કર્મ બાકી છે તેથી શરીરનું હાલવું ચાલવું તથા દિવ્યધ્વનિનું છૂટવું સહેજે (ઇચ્છા રહિતપણે) થાય છે.

**૮–જરા** :—મનુષ્ય તથા ઢોરના ઔદારીક શરીરમાં આયુકર્મના ઘટી જવાના નિમિત્તથી જરા આવે છે. અનંત બળના ધારણ કરનારા અને ક્રોડો સૂર્ય કરતાં પણ અધિક પ્રભાવાળા એવા વીતરાગના શરીરમાં જરાનો સ્વપ્ને પણ પ્રવેશ નથી, ભગવાનને સ્વપ્ન હોય નહીં. ભગવાનનું શરીર ક્રોડો વર્ષ રહે તોપણ તેમાં વૃદ્ધાવસ્થા આવતી નથી, તથા નખ કે વાળ વધતા નથી. મહાવિદેહમાં સીમંધર ભગવાન અબજો વર્ષ થયાં અરિહંતપદે છે અને હજી અબજો વર્ષ રહેશે છતાં તેમને શરીરમાં જરા નથી.

અહીં શરીરનું વર્ણન કરીને પુણ્યની રુચિ નથી કરાવવી, પણ કેવળીની ઓળખાણ માટે શરીરનું વર્ણન કરવામાં આવે છે. પુણ્યવંત જીવો જ ભગવાનના દર્શન કરવા જાય; ભગવાનની સભામાં એકલા મનુષ્યો જ આવે છે એમ નથી, પણ સિંહ, વાઘ, ઢોર, સર્પ વગેરે પણ ભગવાનના દર્શન કરવા આવે છે અને ભગવાનનો ઉપદેશ સાંભળી કોઈ ત્યાં જ આત્મભાન કરીને એકાવતારી થઈ જાય છે. આ બધું અરિહંતનું સ્વરૂપ સમજવા માટે કહેવાય છે, આ નક્કી કર્યા વગર ધર્મ થઈ શકે નહીં.

પવિત્રતાની દશામાં 'ભગવાનને પુણ્ય' વધી ગયાં છે, અને પુણ્યના કારણે શરીરનાં પરમાણુઓ બદલી ગયાં છે. પવિત્રતામાં પણ પૂરા અને પુણ્યમાં પણ પૂરા. (અહીં 'ભગવાનના પુણ્ય' એમ નિમિત્તથી કહ્યું છે, ખરેખર ભગવાનને પુણ્યનું ધણીપણું નથી.) (ક્રમશઃ)

❋

**આત્મા કરે, વળી ભોગવે પુદ્‌ગલકરમ વ્યવહારથી;**
**ને કર્મજનિત વિભાવનો કર્તાદિ છે નિશ્ચય થકી. ૧૮.** **–શ્રી નિયમસાર**



# તત્ત્વનિર્ણયની દુર્લભતા

(સત્તાસ્વરૂપ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)
(વિ.સં. ૨૦૦૦, શ્રાવણ વદ ૧૩ બુધવાર)

વળી કોઈ જીવ સમ્યગ્દર્શન વિના વ્રત, તપ, ભગવાનની ભક્તિ, પૂજા, દાન, વગેરે કર્યા કરે તો પણ તેમાં પુણ્ય થાય છે, ધર્મ નહીં. પૂજા, દાન વગેરેમાં રાગ ઘટાડે તો પુણ્ય થાય, પણ ધર્મ ન થાય, જન્મ-મરણનો અંત ન આવે, ભવનો નાશ ન થાય. તે શ્રાવક ન કહેવાય, જૈન ન કહેવાય. આત્માના ભાન વગર વ્રત, તપ, પૂજા, ભક્તિ બધુંય કરે તો પણ તે જૈન નથી.

પ્રશ્ન :—અરે સાહેબ ! જૈનમાંથી યે કાઢ્યા ?

ઉત્તર :—જૈન હતા જ ક્યારે? જૈનમાંથી કાઢવાની વાત નથી, પણ અજૈનમાંથી જૈન બનાવવાની વાત છે.

પહેલાં કહ્યો તે અશુભોપયોગી મિથ્યાદૃષ્ટિ છે અને બીજો કહ્યો તે શુભોપયોગી મિથ્યાદૃષ્ટિ છે. તે વ્રત કરે, ઉપવાસો કરે, પૂજા-ભક્તિ કરે, દાન કરે, અને એ બધામાં મંદ રાગ કરી પુણ્ય બાંધે; પણ 'હું કોણ' એ વસ્તુનો નિર્ણય કરે નહિ, અર્થાત્ પોતાના નિર્ણય વિના વ્રત, તપ, સંયમ, નિયમ વગેરે અનેક પ્રકારની શુભભાવની ક્રિયાઓ કર્યા કરે તો તે પુણ્યમાં મગ્ન છે—વ્યવહારમગ્ન છે; તેને ભગવાને ધર્મી કહ્યો નથી.

પ્રશ્નકાર :—સાહેબ! આપ તો ઝઘડો ઉઠે તેવી વાત કરો છો ?

ઉત્તર :—આ ઝઘડો ઉઠે તેવી વાત નથી, પણ ઝઘડો ટળી જાય એવી વાત છે. આ વાત સમજે તો એકેય ઝઘડો ન રહે.

આખી દુનિયા માને તો તે માર્ગ સાચો—એવું ન હોય; પણ વીતરાગ દેવ શું કહે છે તે યથાર્થ સમજવું તે જ સાચો માર્ગ છે. આત્માને ઓળખ્યા વગર વ્રત, તપ, દાન, વગેરે કરે અને તેનાં અભિમાન કરે તેને શુભભાવ પણ નથી અને વ્રત, તપ, દાન, વગેરેમાં મંદરાગ કરે, અભિમાન ન કરે તો શુભભાવ છે, પરંતુ તેમાં ધર્મ માને તે પણ છે તો વીતરાગનો વેરી જ.

**પૂર્વોક્ત પર્યાયોથી છે વ્યતિરિક્ત જીવ દ્રવ્યાર્થિકે;**
**ને ઉક્ત પર્યાયોથી છે સંયુક્ત પર્યાયાર્થિકે. ૧૯. —શ્રી નિયમસાર**

ભગવાન આત્મા દેહ-મન-વાણીની ક્રિયાથી રહિત, ચિદાનંદ, પરનો અકર્તા છે. પુણ્ય-પાપ તેનું સ્વરૂપ નથી. એવા આત્માના ભાન વિના જે વ્યવહાર ધર્મ ક્રિયામાં—શુભક્રિયામાં લીન છે તે ભગવાનનો વેરી છે, શુભોપયોગી મિથ્યાદ્રષ્ટિ છે. તેના પરિણામમાં વર્તમાન શુભભાવ છે, પણ શુભભાવ કરતાં કરતાં મિથ્યાદ્રષ્ટિપણું ત્રણકાળમાં ટળે નહિ, ઊલટું શુભ કરતાં કરતાં તેને લાભકારક માનવાથી મિથ્યાત્વની પુષ્ટિ થાય. શુભભાવ તે રાગ છે, રાગ કરતાં કરતાં અરાગી સ્વભાવની દ્રષ્ટિ ત્રણકાળમાં ન પ્રગટે. પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય કે સમકિત પામે એ હરામ છે. આ વાત ગળે ઉતારવી કઠણ પડે તેવી છે; પણ જન્મ-મરણના અંત લાવવા હોય તેણે તો આ વાત ગળે ઉતાર્યે જ છૂટકો છે.

જે કોઈ જીવ ભગવાને કહેલા આત્મસ્વરૂપની ઓળખાણ ન કરે અને મારો સ્વભાવ નિઃશંક, ભવના ભાવ વિનાનો અને ભવ વિનાનો છે એવો નિર્ણય ન કરે ત્યાં સુધી, તે દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ, વ્રત, તપ, દાન વગેરે બધું કરે તો પણ તેમાં પુણ્ય છે, ધર્મ નથી. ભગવાને કહેલા પરિપૂર્ણ સ્વભાવની શ્રદ્ધા ન કરે તે મિથ્યાદ્રષ્ટિ અધર્મી છે.

ગ્રંથકાર ભલામણ કરે છે કે તમે મહાભાગ્યે આ મનુષ્યદેહ પામ્યા છો, તો વીતરાગે કહેલા સર્વધર્મનું (આત્માના બધા ધર્મનું) પહેલું મૂળ સમ્યગ્દર્શન, તેનું મૂળ તત્ત્વનિર્ણય અને તત્ત્વનિર્ણયનું મૂળ શાસ્ત્રાભ્યાસ જરૂર કરવા યોગ્ય છે. વ્રત-તપની વૃત્તિ ઉઠે તે પણ જેનું સ્વરૂપ નથી એવું તત્ત્વ શું છે? એમ તેનો નિર્ણય કરવા માટે શાસ્ત્રનો અભ્યાસ કરવો જોઈએ. તત્ત્વનું સ્વરૂપ સમજ્યા વિના પાટે બેસનાર કહે છે કે ભગવાને ભારે તપસ્યા કરી, અન્ન કરીને અન્ન ખાધું નહિ, પાણી કરીને પાણી પીધું નહિ, નિદ્રા સુખે લીધી નહિ અને ભારે કષ્ટ વેઠ્યાં! ત્યાં સાંભળનારા કહે 'જી મા'રાજ'. પણ એલા! શું તપસ્યામાં તે ભગવાનને દુઃખ હતું? ધર્મ તે કષ્ટદાયી હોય? ભગવાનનું અંતરસ્વરૂપ તો તમે જાણ્યું નથી, તો તેમના સ્વરૂપની ખબર શી રીતે પડી? એ ભગવાન તો તત્ત્વના અનુભવની લહેરમાં હતા, સ્વરૂપના અપૂર્વ આનંદમાં લીન હતા ને અંતરસ્વરૂપની લીનતામાં આહાર વગેરે સહેજે છૂટી ગયા હતા. ભગવાનનું અંતરસ્વરૂપ સમજે નહિ અને પાટે બેસનારા જે બોલે તેની હા એ હા કરે એ પાત્ર જીવને ન શોભે! આનંદ શ્રાવકે ભગવાન પાસે અગિયાર પડિમા લીધી એટલે બીજે ભવે તેનો મોક્ષ થયો

**પરમાણુ તેમ જ સ્કંધ એ બે ભેદ પુદ્‌ગલદ્રવ્યના;**
**છ વિકલ્પ છે સ્કંધો તણા ને ભેદ બે પરમાણુના. ૨૦. –શ્રી નિયમસાર**

એમ તેઓ કહે છે, પણ પડિમા પાછળ અંતરમાં કાંઈ હતું કે નહીં? અંદર સમ્યગ્દર્શનનું જોર હતું, તેના જોરે મોક્ષ થયો છે.

અરે! આવો અવસર મળ્યો તેને જે વ્યર્થ ગુમાવે છે, તત્ત્વનિર્ણય કરતા નથી, તેના ઉપર બુદ્ધિમાન પુરુષો કરુણા કરીને કહે છે કે :—

प्रज्ञैव दुर्लभा सुष्ठु दुर्लभा सान्यजन्मनि।
तां प्राप्य ये प्रमाद्यन्ति ते शोच्याः खलु धीमताम्।।९४।।

(આત્માનુશાસન)

આ જગતમાં બુદ્ધિ હોવી જ પ્રથમ તો દુર્લભ છે, અને તેમાં પણ પરલોકને માટે બુદ્ધિ થવી તે તો મહાન દુર્લભ છે. તું વાણિયો થયો છો તો બુદ્ધિ તો મળી છે, પણ વીતરાગે કહેલો યથાર્થ માર્ગ તેં હજી શ્રવણ કર્યો નથી. અહીં કહે છે કે ભાઈ! સાંભળ તો ખરો વીતરાગનો માર્ગ! આ માર્ગ અપૂર્વ છે, પૂર્વે કદી નહીં જાણેલો એવો છે. આ ટાણાં મળવા છતાં જે વ્યર્થ ગુમાવે છે તેના ઉપર જ્ઞાનીઓને કરુણા આવે છે.

સાચા જૈન કોને કહેવા? બધા ધર્મો સરખા છે એમ માનનારા તો વ્યવહારે પણ જૈન નથી. જૈનધર્મ તો આત્માનું સ્વરૂપ છે, વિશ્વદર્શન છે, ત્રણકાળ ત્રણલોકમાં ન ફરે એવું તેનું સ્વરૂપ છે. છ દ્રવ્યોને જાણ્યા (છ દ્રવ્યોમાં પોતાનો આત્મા પણ આવી જાય છે), રાગ-દ્વેષ ટાળ્યા અને પૂર્ણ સ્વરૂપને પામ્યા તેવા આત્માઓ જ સાચા જૈન છે. સાચા જૈની થવા માટે પ્રથમ તો આગમ દ્વારા તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ; પણ જે તત્ત્વનો નિર્ણય કરતો નથી અને ધજાની પૂંછડીની જેમ સામો જે કહે તેની હા જી હા કરે છે તેને તત્ત્વની ખબર નથી; તેથી તે તો વ્યવહારે પણ જૈન નથી. જે તત્ત્વનિર્ણય કરતો નથી અને પૂજા, સ્તોત્ર, દર્શન, ત્યાગ, તપ, વૈરાગ્ય, સંયમ, સંતોષ વગેરે બધાય કાર્યો કરે છે તો તેના એ બધાય કાર્યો અસત્ય છે. આ જ શાસ્ત્રમાં આગળ ૧૦૧મા પાને કહ્યું છે કે "જે (સર્વજ્ઞની) સત્તાનો નિશ્ચય તો કરતો નથી અને કુળપદ્ધતિથી, પંચાયતના આશ્રયથી વા મિથ્યાધર્મબુદ્ધિથી દર્શન—પૂજનાદિરૂપ પ્રવર્તે છે વા મત-પક્ષના હઠાગ્રહીપણાથી બીજાઓને (અન્ય દેવાદિકને) ન પણ માને, માત્ર તેનો જ (પોતે માનેલા જિનદેવાદિકનો જ) સેવક બની રહ્યો છે તેને પણ નિયમથી પોતાના આત્મકલ્યાણરૂપ કાર્યની સિદ્ધિ થતી નથી, તેથી તે અજ્ઞાની મિથ્યાદ્રષ્ટિ જ છે. કારણ કે જેનાથી સર્વજ્ઞની સત્તાનો જ નિશ્ચય

**અતિથૂલથૂલ, થૂલ, થૂલસૂક્ષ્મ, સૂક્ષ્મથૂલ, વળી સૂક્ષ્મ ને**
**અતિસૂક્ષ્મ—એમ ધરાદિ પુદ્ગલસ્કંધના છ વિકલ્પ છે. ૨૧. –શ્રી નિયમસાર**

નથી કરી શકાયો (તેનાથી) સ્વરૂપના નિશ્ચયાદિ તો કેવી રીતે થશે?'' ભગવાન પાસે જઈને પૂજા, સ્તોત્ર વગેરે કરે પણ ભગવાન કોણ અને હું કોણ? એનો તો નિર્ણય ન મળે અને બચાવની ખાતર કહે કે આપણે તો પંચમકાળના અલ્પબુદ્ધિવાળા પ્રાણી, તેથી આપણાથી તત્ત્વનો નિર્ણય ન થઈ શકે, તો એ રીતે છૂટી શકાય નહિ; તત્ત્વમાં બીજું ચાલે નહીં. સંસારના કામમાં તારી બુદ્ધિ ચાલે, ત્યાં પંચમકાળ ન નડે અને આ તત્ત્વનિર્ણયમાં તારી બુદ્ધિ ન ચાલે, એ તારી વાત જ ખોટી છે.

તત્ત્વના નિર્ણય વિના ત્યાગ કોનો કરશે? સમજવાનું છે તે સમજે નહિ અને ત્યાગ-વૈરાગ્યમાં રોકાણો, અર્થાત્ આત્માના ભાન વિના ત્યાગી થાય તોપણ ધર્મ નથી; અને વૈરાગ્ય (મંદ રાગ) તે પણ વસ્તુનું સ્વરૂપ નથી. વૈરાગ્ય (મંદ રાગ) તો પુણ્યભાવ છે, તેમાં ધર્મ નથી. સંયમ પાળે, પરિગ્રહ ઘટાડે, એકવાર રાંધે અને બે ટંક ચલાવે તેમાં પ્રવૃત્તિ ઓછી થઈ એમ માને, અમુક રૂપિયા કરતાં વધારે ખપે નહિ એમ સંતોષ માને, પણ આત્માના ભાન વિના વીતરાગના ત્રાજવે એના ત્યાગ, સંતોષ વગેરેની ધર્મમાં ગણતરી નથી. વીતરાગ માર્ગના નિર્ણય વગર ધર્મ થવો હરામ છે. આત્માના નિર્ણય વિના વ્રત, તપ, ભક્તિ, પૂજા વગેરે બધું કરે છતાં તેના બધા કાર્યો અસત્ છે. કેટલાક કહે છે કે હાય! હાય! અમારું બધું ખોટું? ભાઈ! આ તો ઊંધી માન્યતા ઉપર ધડાકા લાગે એવી વાત છે. જગત તો આટલું કરીને જાણે કે હવે તો મોક્ષ જ થઈ જવાનો, અને અહીં કહે છે કે સમ્યગ્દર્શન વગર એ બધું અસત્ છે. આત્મા શું છે તે સમજ્યા વિનાના વ્રત-તપ બધું એકડા વગરના મીંડાં છે.

પુણ્ય કરતાં કરતાં ધર્મ થાય એ હરામ છે. પુણ્ય કરશું તો દેવ થાશું અને પછી ભગવાન પાસે જઈને ધર્મ પામશું, માટે આપણે પુણ્ય કરી લ્યો, હમણાં સમજવાની જરૂર નથી—એમ માનનારા ધર્મ તો ન પામે, પરંતુ નીચે ઉતરતા જાય. આત્માના નિર્ણય વિના શુભભાવ કરી દેવતા થાય તે દેવ નથી, પણ ચૂલાનો દેવતા છે; પુણ્યથી લાભ માનીને એ પોતાના ગુણો બાળી રહ્યો છે.

આત્માના ભાન વગર દરેક જીવ સેકંડના અબજો રૂપિયાની પેદાશવાળો મોટો રાજા અનંતવાર થઈ આવ્યો; સ્વર્ગનો મોટો દેવ પણ અનંતવાર થઈ આવ્યો; એક કલ્પના માત્ર કરીને કરોડો દ્વારિકા નગરી, કરોડો કૃષ્ણ અને કરોડો ગોપીઓ ઊભાં કરી દે એવી વિક્રિયા લબ્ધિવાળો દેવ પણ થયો, પણ ભાઈ! આત્માના ભાન વગર તારો

**ભૂપર્વતાદિક સ્કંધને અતિથૂલથૂલ જિને કહ્યા,**
**ઘી-તેલ-જળ ઇત્યાદિને વળી થૂલ સ્કંધો જાણવા; ૨૨. –શ્રી નિયમસાર**

ઉદ્ધાર ન થયો, અને ચોરાસીના અવતારના અંત ન આવ્યા !

પ્રશ્ન :—આપે કહ્યું કે દયા, દાનાદિમાં ધર્મ નથી, તો એમાં પૈસાવાળાને તો સરખાઈ થઈ ગઈ, તેમને પૈસા ખરચવા નહીં પડે ?

ઉત્તર :—દાન વગેરેમાં 'ધર્મ ન થાય' એમ કહ્યું છે, પણ કાંઈ 'તૃષ્ણા ન ઘટાડવી' એમ કહ્યું નથી; પહેલાં તૃષ્ણા તો ઘટાડે ! તૃષ્ણા ઘટાડવાની કોણે ના પાડી? તૃષ્ણા ઘટાડવામાં ધર્મ નથી, પણ તૃષ્ણા જ ઘટાડે નહીં તો પાપભાવમાં જાશે.

તત્ત્વનો નિર્ણય કરવા માટે પહેલાં તો ભગવાને કહેલા આગમનું સેવન કરવું જોઈએ. આમાં સાચા આગમ ક્યા એ પણ નક્કી કરવાનું ભેગું આવી ગયું તથા યુક્તિનું અવલંબન જોઈએ. ધર્મ તો અપૂર્વ ચીજ છે, અનાદિથી નથી પામ્યો એવી ચીજ છે, એ સાધારણ ચીજ નથી. હાલીદુવાલી કહે છે તે સાચો માર્ગ નથી, કેમકે તેઓ કહે છે એવું તો પૂર્વે અનંતવાર કરી ચૂક્યો છે, પણ રઝળવું મટ્યું નહિ. માટે ધર્મ કોઈ જુદી ચીજ છે એમ સત્શાસ્ત્ર દ્વારા અને પ્રબળ યુક્તિ દ્વારા નિર્ણય કરે, તથા પરંપરા ગુરુઓનો ઉપદેશ અને સ્વાનુભવ—એ ચાર દ્વારા તત્ત્વનો નિર્ણય કરવો જોઈએ; આ ચારે પ્રકારો ભેગા થાય તો આત્માની ઓળખાણ થાય છે.

જગતના કામમાં વિધિ બરાબર સમજે, ત્યાં વિધિમાં આડું-અવળું ન કરે. શીરો કરવો હોય તો પહેલાં ઘીમાં લોટ શેકે અને પછી ગોળનું પાણી નાખે, પણ પહેલાં ગોળના પાણીમાં લોટને શેકે તો શીરો થાય નહીં; તેમ ધર્મને માટે ભગવાને પહેલી વિધિ આત્માનો નિર્ણય કરવો તે કહી છે, તે સમજ્યા વિના આડું-અવળું કરે તો ધર્મ થાય નહિ. આત્માના સ્વભાવનો તત્ત્વથી યથાર્થ નિર્ણય કરવામાં ન આવે ત્યાં સુધી જેટલા વ્રત-તપ કરે તે બધું ગોળના પાણીમાં લોટ શેકીને શીરો કરવા જેવું છે, કે જે થઈ શકતું નથી. વિધિમાં ફેર પડે તો ધાર્યા કાર્યો થાય નહિ. ધર્મની વિધિમાં પહેલાં આત્માનો નિર્ણય કરવારૂપ સમ્યગ્દર્શન થાય તે ઘીમાં લોટ શેકવા બરાબર છે અને સમ્યગ્દર્શન વિના વ્રત-તપ વગેરે બધું કરવા મંડી જાય તે ગોળના પાણીમાં લોટ શેકવા જેવું છે, એટલે કે પહેલાં સમ્યગ્દર્શનરૂપી વિધિ વિના ધર્મ થાય નહીં. (ક્રમશઃ)

❋

**આતપ અને છાયાદિને થૂલસૂક્ષ્મ સ્કંધો જાણજે,**
**ચતુરિન્દ્રિયના જે વિષય તેને સૂક્ષ્મથૂલ કહ્યા જિને; ૨૩. –શ્રી નિયમસાર**



# વૈરાગ્ય-ભાવના

(શ્રી સ્વામી કાર્તિકેયાનુપ્રેક્ષા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચન)

**एवं जो जाणित्ता विहलियलोयाण धम्म-जुत्ताणं।**
**णिरवेक्खो तं देदि हु तस्स हवे जीवियं सहलं॥२०॥**

**અર્થ :—** જે પુરુષ ઉપર કહ્યા પ્રમાણે જાણીને ધર્માત્મા જે નિર્ધનજન છે તેમને, પ્રતિઉપકારની વાંછારહિત થઈને, તે લક્ષ્મીને આપે છે તેનું જીવન સફળ છે. ૨૦.

જેણે શુદ્ધ ચૈતન્યનો પ્રેમ કર્યો છે ને લક્ષ્મીનો પ્રેમ છોડ્યો છે, એવા ધર્મી જીવને અન્ય નિર્ધન, સાધર્મી વગેરેને જોતાં તેના ઉપર વાત્સલ્યભાવ આવ્યા વિના રહેતો નથી, કોઈ સાધર્મી નિર્ધન હોય તેને દેખીને તેના પાસેથી બદલાની આશા વગર જે પોતાની લક્ષ્મી વગેરે આપે છે, તેનું જીવન સફળ છે. પૈસા આપીને સામાને ઓશિયાળો બનાવી રાખે તેવા જીવો તો જગતમાં ઘણાં છે પણ સાધર્મી-જીવને તેમ જ બીજા જીવોને પ્રતિ ઉપકારની આશા વગર જે ધન વગેરે આપે છે એવા જીવો વિરલા છે. સ્વભાવમાં રાગ ઘટાડવાનો પ્રયત્ન વર્તે છે એવા જીવોને સાધર્મી વગેરે માટે લક્ષ્મી ખરચવાનો ભાવ આવે છે. જેને નિરપેક્ષ ચૈતન્યનું ભાન અને ભાવના વર્તે છે તેને જ દાન વગેરેમાં પ્રતિઉપકારની અપેક્ષા છૂટે છે. ને એવા જીવનું જ જીવન સફળ છે, ચૈતન્યની રુચિ વર્તે છે ને રાગ ઘટાડવાનો પ્રયત્ન વર્તે છે, તેથી તેનું જીવન સફળ કહ્યું છે.

આ અનિત્ય ભાવનાનું વર્ણન છે. આત્મા નિત્ય જ્ઞાનાનંદ છે—એવું નિજઘર જેણે જોયું છે તે જ જીવ જગતના પદાર્થોની પર્યાયની અનિત્ય ભાવના ભાવે છે. જેને પર્યાયબુદ્ધિ હોય એટલે કે પર્યાયની ક્ષણિકતાને ન જાણતાં તેને સ્થિર રાખવા માગતો હોય તેને ખરી અનિત્ય ભાવના હોતી નથી, એટલે કે ધ્રુવ ચૈતન્યની દૃષ્ટિપૂર્વકની આ અનિત્ય ભાવના છે એમ સમજવું. પુણ્ય-પાપ દેહાદિને અનિત્ય માને અને વળી તેનાથી લાભ માને તો તેને અનિત્યભાવના હોતી નથી. જેનાથી લાભ માને તેને તો સ્થિર રાખવા માગે. અજ્ઞાની પોતાના ધ્રુવ ચિદાનંદસ્વભાવની દૃષ્ટિ છોડીને પર સંયોગોથી લાભ માનીને તેને સ્થિર રાખવા માગે છે તે મોહનું માહાત્મ્ય છે, એમ હવે કહે છે :—

**વળી કર્મવર્ગણયોગ્ય સ્કંધો સૂક્ષ્મ સ્કંધો જાણવા,**
**તેનાથી વિપરીત સ્કંધને અતિસૂક્ષ્મ સ્કંધો વર્ણવ્યા. ૨૪.　　　–શ્રી નિયમસાર**

जल-बुब्बुय-सारिच्छं धण-जोव्वण-जीवियं पि पेच्छंता।
मण्णंति तो वि णिच्चं अइ-बलिओ मोह-माहप्पो॥२१॥

**અર્થ :—**આ પ્રાણી, ધન-યૌવન-જીવનને જલના બુદબુદની (પરપોટા) માફક તુરત વિલય પામી જતાં જોવા છતાં પણ તેને નિત્ય માને છે એ જ મોટું આશ્ચર્ય છે—એ જ મોહનું મહા બળવાન માહાત્મ્ય છે. ૨૧.

જગતમાં દેખાય છે કે લક્ષ્મી ક્ષણમાં ચાલી જાય છે. દેહનો ક્ષણમાં વિનાશ થઈ જાય છે ને ચૈતન્યદશા પલટીને વૃદ્ધાવસ્થા થઈ જાય છે. અરે! ૨૦-૨૫ વર્ષના જુવાનજોધ માણસો ક્ષણમાં જીવન પુરું કરીને ચાલ્યા જાય છે. આવી અનિત્યતા નજરે જોવા છતાં મોહને લીધે જીવ તે શરીર-ધન-જીવન વગેરેને નિત્ય માનીને તેમાં મોહિત થઈ રહ્યો છે. એ મોટું આશ્ચર્ય છે. મૃત્યુ વગેરે દેખીને ક્ષણિક વૈરાગ્ય આવે તેની આ વાત નથી. આ તો ધ્રુવ ચૈતન્યની ભાવના સહિત, અનિત્ય પદાર્થો પ્રત્યેના વૈરાગ્યની વાત છે. પાણીના પરપોટાની માફક આ પદાર્થોનો સંયોગ ક્ષણિક છે. ધનયૌવન કે જીવન તો પાણીના પરપોટા જેવાં અસ્થિર છે. એ વાત નજરે દેખાય છે કે તે બધું ક્ષણમાં વિલય પામી જાય છે, છતાં જીવ તેને સ્થિર રાખવાની ભાવના છોડતો નથી ને ધ્રુવ દ્રવ્યના આશ્રયની ભાવના કરતો નથી. તે મોહનું મહા બળવાન માહાત્મ્ય છે. જુઓ, કર્મનું જોર નથી પણ અજ્ઞાની જીવ પોતે મોહભાવ કરે છે તેનું જ બળ છે.

જેમ સ્વપ્ન સ્થિર રહેતું નથી તેમ શરીર, ધન વગેરે પણ જીવની પાસે સ્થિર રહેતાં નથી. એ તો ક્ષણિક છે. જુવાન શરીર હોય ને પરણવા જાય ત્યાં માંડવામાં જ આયુષ્ય પૂરું થઈ જાય! આવા પ્રસંગો દેખીને પણ મૂઢ જીવો પોતે અંતરમાં ધ્રુવ દ્રવ્ય સ્વભાવ તરફ વળતાં નથી–એ આશ્ચર્ય છે. ધર્માત્માને તો અંદર ધ્રુવ ચૈતન્યના ભાનપૂર્વક સંયોગોમાં અનિત્યતાની ભાવના નિત્ય રહે છે. પર્યાયને સ્થિર રાખી શકે એવી કોઈની તાકાત નથી, માટે તે પર્યાયની ભાવના છોડીને, તારી જ્ઞાયકશક્તિ ધ્રુવ પડી છે તેની ભાવના કર. અંદર કેવળજ્ઞાનના ભંડાર ભર્યા છે તેને ખોલ !

જુઓ, સંતો–મુનિઓને છઠ્ઠા ગુણસ્થાને એવો પણ શુભ વિકલ્પ આવે છે કે ગૃહસ્થ શ્રાવકો જિનમંદિર કરાવે, જિનબિંબ પ્રતિષ્ઠા કરાવે, ધર્મના મહોત્સવ કરે. એમાં આશય તો એવો છે કે તે તે ભૂમિકામાં દેવ-ગુરુ-શાસ્ત્રની ભક્તિ પ્રભાવના વગેરેનો શુભ ભાવ આવ્યા વિના રહેતો નથી, તેથી તેનું વર્ણન કર્યું છે.

**જે હેતુ ધાતુચતુષ્કનો તે કારણાણુ જાણવો;**
**સ્કંધો તણા અવસાનને વળી કાર્યપરમાણુ કહ્યો. ૨૫. –શ્રી નિયમસાર**

અરે ! જગતના જીવો લક્ષ્મીને નિત્ય માની રહ્યા છે. તેને બદલે તેને અધ્રુવ જાણે તો તેનો રાગ ઘટ્યા વિના રહે નહિ. જેને આત્માની પ્રીતિ થાય તેને દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે ભક્તિ બહુમાન આવ્યા વિના રહે નહિ અને તેને માટે લક્ષ્મી વગેરે વાપરવાનો ઉલ્લાસ આવ્યા વિના રહે નહિ, તેથી મુનિવરોએ પણ તેનો ઉપદેશ કર્યો છે. સ્વભાવના ભાનપૂર્વકની ભૂમિકામાં તેમ જ ત્યાર પહેલાં પણ આવો ભાવ આવ્યા વિના રહેતો નથી. શરીરાદિની અનિત્યતા જાણે અને તેના ઉપરથી મમતા ન ઘટે એમ બને નહિ. અહીં કહે છે કે અરે જીવ ! એ નિશ્ચિત છે કે જીવન, ધન અને યૌવન તો ક્ષણમાં વિલય પામી જશે એ કોઈ ધ્રુવ રહેવાના નથી. ધ્રુવ તો આત્માનો જ્ઞાનાનંદસ્વભાવ છે. આવા વસ્તુસ્વરૂપના ભાન વિના મોહથી જીવો દેહાદિના સંયોગોમાં સ્થિરતાની બુદ્ધિ કરે છે.

ભાવાર્થ :—વસ્તુનું સ્વરૂપ અન્યથા જણાવવામાં મધપાન, જ્વરાદિ રોગ, નેત્ર વિકાર અને અંધકાર ઈત્યાદિ અનેક કારણો છે; પરંતુ આ મોહ તો એ સર્વથી પણ બળવાન છે કે જે પ્રત્યક્ષ વસ્તુને વિનાશીક દેખે છે છતાં તેને નિત્યરૂપ જ મનાવે છે તથા મિથ્યાત્વ, કામ, ક્રોધ, શોક ઈત્યાદિ બધા મોહના જ ભેદ છે. એ બધાય વસ્તુસ્વરૂપમાં અન્યથા બુદ્ધિ કરાવે છે.

વસ્તુસ્વરૂપને વિપરીત દેખવામાં નિમિત્ત તરીકે મદ્યપાન, નેત્રવિકાર વગેરે ઘણા છે, પણ મૂળ કારણ તો જીવનો મોહભાવ જ છે. ઊંધી માન્યતાને લીધે જીવ અનિત્ય પદાર્થોને શરણભૂત માને છે. કુદેવ-કુગુરુને આદરે છે, નિમિત્તથી ઉપાદાનમાં કાર્ય થાય એમ માને છે—આ બધામાં મોહનું માહાત્મ્ય છે, મોહને લીધે જીવ અનિત્ય વસ્તુને પણ નિત્યરૂપ માને છે. જુઓ, કોઈ બીજો તેને ભૂલ કરાવતો નથી પણ જીવ પોતે મોહથી—મિથ્યાત્વથી વસ્તુસ્વરૂપને વિપરીત માને છે. તે જ સંસારનું કારણ છે. અજ્ઞાની ચૈતન્યના સુખને મૂકીને, કામ વાસનાને લીધે વિષયોમાં પણ સુખ માને છે. વિષયો દુઃખદાયક હોવા છતાં અજ્ઞાનીને કામ—વાસનાને લીધે તેમાં સુખ લાગે છે. વળી ક્રોધને લીધે પણ જીવ વસ્તુસ્વરૂપને ઊંધું દેખે છે. હું ક્રોધ અને કડકાઈ રાખું તો બધાય મારું માને અને વ્યવસ્થા સરખી ચાલે. એમ જે માને છે તે જીવ પણ મોહી છે. ક્રોધ તો પ્રત્યક્ષ દુઃખરૂપ છે છતાં જીવ તેને હિતરૂપ માને છે. ધર્મીને અલ્પ ક્રોધ થાય ત્યાં તે જ વખતે તેની દૃષ્ટિમાં ક્રોધ રહિત શાંત સ્વરૂપનું ભાન છે અને તે ક્રોધને દુઃખરૂપ જાણે છે.

ખૂબ રોઈ લેવા દ્યો એટલે તેનું હૈયું ખાલી થાય—તેમ અજ્ઞાની માને છે, પણ અરે

(જુઓ અનુસંધાન પેજ નં. ૨૫ ઉપર)

**જે આદિ-મધ્યે અંતમાં પોતે જ છે, અવિભાગી છે,**
**જે ઇન્દ્રિથી નહિ ગ્રાહ્ય છે, પરમાણુ જાણો તેહને. ૨૬.** **–શ્રી નિયમસાર**

# શ્રી નાટક સમયસાર
# આસ્રવ અધિકારનો સાર

રાગ-દ્વેષ-મોહ તો ભાવાસ્રવ છે અને અશુદ્ધ આત્મા દ્વારા કાર્મણવર્ગણારૂપ પુદ્ગલપ્રદેશોનું આકર્ષિત થવું તે દ્રવ્યાસ્રવ છે. આ દ્રવ્યાસ્રવ અને ભાવાસ્રવથી રહિત સમ્યગ્જ્ઞાન છે. સમ્યગ્દર્શનનો ઉદય થતાં જ જીવનું વર્તમાન જ્ઞાન સમ્યગ્જ્ઞાન કહેવાય છે, આ સમ્યગ્જ્ઞાનની દશામાં આસ્રવનો અભાવ છે. સમ્યગ્જ્ઞાની અવ્રતી પણ કેમ ન હોય, તોપણ તેમને આસ્રવ નથી થતો, એનું કારણ એ છે કે અંતરંગમાં સમ્યગ્દર્શનનો ઉદય થવાથી તેઓ શરીર આદિમાં અહંબુદ્ધિ રાખતા નથી અને વિષય આદિમાં તલ્લીન થતાં નથી. જોકે બાહ્યદૃષ્ટિથી લોકોના જોવામાં મિથ્યાદૃષ્ટિ જીવો અને અવ્રતી સમ્યગ્દૃષ્ટિઓના વિષય-ભોગ, પરિગ્રહ-સંગ્રહ આદિની પ્રવૃત્તિ એકસરખી દેખાય છે પરંતુ બન્નેના પરિણામોમાં મોટો તફાવત હોય છે, અજ્ઞાનીઓની શુભ-અશુભ ક્રિયા ફળની અભિલાષા સહિત હોય છે અને જ્ઞાની જીવોની શુભાશુભ ક્રિયા ફળની અભિલાષા રહિત હોય છે, તેથી અજ્ઞાનીઓની ક્રિયા આસ્રવનું કારણ અને જ્ઞાનીઓની ક્રિયા નિર્જરાનું કારણ થાય છે. જ્ઞાન-વૈરાગ્યનો એવો જ મહિમા છે. જેવી રીતે રોગી અભિરુચિ ન હોવા છતાં પણ ઔષધિનું સેવન કરે છે અને ઘણા લોકો શોખ માટે શરબત, મુરબ્બા વગેરે ચાખે છે, તેવી જ રીતે જ્ઞાનીઓના ઉદયની બળજોરીથી આસક્તિ રહિત ભોગવેલ ભોગોમાં અને મોજ માટે ગૃદ્ધિ-સહિત અજ્ઞાનીઓના ભોગોમાં મોટો તફાવત છે.

આસ્રવનું થવું તેરમા ગુણસ્થાન સુધી યોગોની પ્રવૃત્તિ હોવાથી રહે છે અને ચોથા ગુણસ્થાનમાં તો સિત્તેર પ્રકૃતિઓનો બંધ કહ્યો છે, વળી સમ્યગ્દૃષ્ટિ જીવોને અવ્રતની દશામાં જે નિરાસ્રવ કહ્યા છે તેનો અભિપ્રાય એ છે કે અનંત સંસારનું મૂળકારણ મિથ્યાત્વ અને તેની સાથે અનુબંધ કરનારી અનંતાનુબંધી ચોકડીનો ઉદય સમ્યક્ત્વની દશામાં રહેતો નથી તેથી મિથ્યાત્વ અને અનંતાનુબંધી જનિત એકતાળીસ પ્રકૃતિઓનો તો સંવર જ રહે છે, બાકીની પ્રકૃતિઓનો બહુ જ ઓછા અનુભાગ અથવા સ્થિતિવાળો બંધ થાય છે અને ગુણશ્રેણી નિર્જરા શરૂ થાય છે તેથી અજ્ઞાનીના સિત્તેર ક્રોડાક્રોડી સાગર-પ્રમાણ અને તીવ્રતમ અનુભાગની સામે જ્ઞાનીનો આ બંધ કોઈ ગણતરીમાં નથી, તેથી જ્ઞાનીઓને નિરાસ્રવ કહ્યા છે. વાસ્તવમાં મિથ્યાત્વ જ આસ્રવ છે અને તે સમ્યક્ત્વના ઉદયમાં નથી રહેતું. આસ્રવ વિભાવ-પરિણતિ છે, પુદ્ગલમય છે, પુદ્ગલજનિત છે, આત્માનો નિજ-સ્વભાવ નથી, એમ જાણીને જ્ઞાનીઓ પોતાના સ્વરૂપમાં વિશ્રામ લે છે અને અતુલ, અખંડ, અવિચળ, અવિનાશી, ચિદાનંદરૂપ સમ્યગ્દર્શનને નિર્મળ કરે છે. ❊

# સમ્યક્ત્વપૂર્વક વ્રતનો ઉપદેશ

(શ્રી પદ્મનંદિ પંચવિંશતિકાના દેશવ્રતોદ્યોતન અધિકાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

હે ભાઈ! આત્માને ભૂલીને ભવમાં ભટકતાં અનંતકાળ વીતી ગયો, તેમાં મહા મોંઘો આ મનુષ્યઅવતાર ને ધર્મનો આવો દુર્લભ યોગ તને મળ્યો, તો હવે પરમાત્મા જેવો જે તારો સ્વભાવ તેને દૃષ્ટિમાં લઈને મોક્ષનું સાધન કર. પ્રયત્નપૂર્વક સમ્યક્ત્વ પ્રગટ કરીને, પછી જો થઈ શકે તો શુદ્ધોપયોગરૂપ મુનિધર્મની ઉપાસના કર, ને જો એટલું ન બની શકે તો શ્રાવકધર્મનું જરૂર પાલન કર.

(शार्दूलविक्रीडित)

सम्प्राप्ते ऽत्र भवे कथं कथमपि द्राधीयसानेहसा ।
मानुष्ये शुचिदर्शने च महता कार्यं तपो मोक्षदम् ।।
नो चेल्लोकनिषेधतो ऽथ महतो मोहादशक्तेरथो ।
सम्पद्येत न तत्तदा गृहवतां षट्कर्मयोग्यं व्रतम् ।।४।।

અર્થ :—અહીં સંસારમાં જો કોઈ પ્રકારે અતિશય દીર્ઘકાળમાં મનુષ્યભવ અને નિર્મળ સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ ગયું હોય તો પછી મહાપુરુષે મોક્ષદાયક તપનું આચરણ કરવું જોઈએ. પરંતુ જો કુટુંબીજન વગેરેના રોકવાથી, મહામોહથી અથવા અશક્તિના કારણે તે તપશ્ચરણ કરી ન શકાય તો પછી ગૃહસ્થ શ્રાવકોના છ આવશ્યક (દેવપૂજા વગેરે) ક્રિયાઓ અને યોગ્ય વ્રતનું પરિપાલન તો કરવું જ જોઈએ. ૪.

અનાદિકાળથી આ સંસારમાં ભ્રમણ કરતા જીવને મનુષ્યપણું પામવું કઠિન છે અને તેમાં પણ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ અતિ દુર્લભ છે. આ ભવમાં ભમતાં ભમતાં દીર્ઘકાળે આવું મનુષ્યપણું અને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરીને, ઉત્તમ પુરુષોએ તો મોક્ષદાયક એવું તપ કરવું યોગ્ય છે એટલે કે મુનિદશા પ્રગટ કરવી યોગ્ય છે; અને જો લોકના નિષેધથી મોહની તીવ્રતાથી ને પોતાની અશક્તિથી મુનિપણું ન લઈ શકાય તો ગૃહસ્થને યોગ્ય દેવપૂજા વગેરે ષટ્કર્મનું તથા વ્રતનું પાલન કરવું જોઈએ.

મુનિરાજ કહે છે કે હે ભવ્ય! આવું દુર્લભ મનુષ્યપણું પામીને આત્માના હિતને

**બે સ્પર્શ, રસ–રૂપ–ગંધ એક, સ્વભાવગુણમય તેહ છે;**
**જિનસમયમાંહી વિભાવગુણ સર્વાક્ષપ્રગટ કહેલ છે. ૨૭.　　–શ્રી નિયમસાર**

માટે તું મુનિધર્મ અંગીકાર કર, ને જો એટલું તારાથી ન થઈ શકે તો શ્રાવકધર્મનું તો અવશ્ય પાલન કર.—પણ બંનેમાં સમ્યગ્દર્શનસહિતની વાત છે. મુનિધર્મ કે શ્રાવકધર્મ બંનેના મૂળમાં સમ્યગ્દર્શન અને સર્વજ્ઞની ઓળખાણ રાખીને આગળ વધવાની વાત છે. જેને એ સમ્યગ્દર્શન ન હોય તેણે તો પહેલાં તેનો ઉદ્યમ કરવો જોઈએ. એ વાત તો પહેલી ત્રણ ગાથામાં બતાવી ગયા છીએ; ત્યાર પછી આગળની ભૂમિકાની આ વાત છે.

સમ્યગ્દષ્ટિને ભાવના તો મુનિપણાની જ હોય; અહો! ક્યારે ચૈતન્યમાં લીન થઈને સર્વસંગપરિત્યાગી બની મુનિમાર્ગે વિચરું? શુદ્ધરત્નત્રયસ્વરૂપ જે ઉત્કૃષ્ટ મોક્ષમાર્ગ તે-રૂપે ક્યારે પરિણમું?

અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?
ક્યારે થઈશું બાહ્યાન્તર નિર્ગ્રંથ જો?
સર્વ સંબંધનું બંધન તીક્ષ્ણ છેદીને,
વિચરશું કવ મહત્પુરુષને પંથ જો?

તીર્થંકરો અને અર્હન્તો મુનિ થઈને ચૈતન્યના જે માર્ગે વિચર્યા તે માર્ગે વિચરીએ એવો ધન્ય સ્વકાળ ક્યારે આવે!—એમ આત્માના ભાનપૂર્વક ધર્મીજીવ ભાવના ભાવે છે. આવી ભાવના હોવા છતાં પોતાની શક્તિની મંદતાથી ને નિમિત્ત તરીકે ચારિત્રમોહની તીવ્રતાથી, તથા કુટુંબીજનો વગેરે લોકોના આગ્રહને વશ થઈને પોતે એવું મુનિપદ ગ્રહણ ન કરી શકે તો તે ધર્માત્મા ગૃહસ્થપણામાં રહીને શ્રાવકના ધર્મનું પાલન કરે તે અહીં બતાવ્યું છે.

શ્રી પદ્મનંદીસ્વામીએ શ્રાવકના હંમેશનાં છ કર્તવ્ય બતાવ્યા છે—

देवपूजा गुरूपास्तिः स्वाध्यायः संयमस्तपः ।
दानं चेति गृहस्थानां षट्कर्माणि दिनेदिने ।।७।। (પદ્મનંદી—ઉપાસકસંસ્કાર)

ભગવાન જિનેન્દ્રદેવની પૂજા, નિર્ગ્રંથ ગુરુઓની ઉપાસના, વીતરાગી જૈનશાસ્ત્રોનો સ્વાધ્યાય, સંયમ, તપ અને દાન—આ છ કાર્યો ગૃહસ્થશ્રાવકે દિને-દિને એટલે કે દરરોજ કરવા યોગ્ય છે. મુનિપણું ન થઈ શકે તો દૃષ્ટિની શુદ્ધતાપૂર્વક આ છ કર્તવ્ય દ્વારા શ્રાવકધર્મનું પાલન તો જરૂર કરવું.

ભાઈ, આવું મોંઘું મનુષ્યજીવન પામીને એમ ને એમ ચાલ્યું જાય,—તેમાં તું સર્વજ્ઞદેવની ઓળખાણ પણ ન કર, સમ્યગ્દર્શનનું સેવન ન કર, તો આ જીવનમાં તેં શું

> પરિણામ પરનિરપેક્ષ તેહ સ્વભાવપર્યય જાણવો;
> પરિણામ સ્કંધસ્વરૂપ તેહ વિભાવપર્યય જાણવો. ૨૮. —શ્રી નિયમસાર

કર્યું ? શાસ્ત્ર-સ્વાધ્યાય ન કર, ધર્માત્માની સેવા ન કર ને કષાયોની મંદતા પણ ન કર, તો આ જીવનમાં તેં શું કર્યું ? આત્માને ભૂલીને ભવમાં ભટકતાં અનંતકાળ વીતી ગયો તેમાં મહા મોંઘો આ મનુષ્ય અવતાર ને ધર્મનો આવો દુર્લભ યોગ તને મળ્યો, તો હવે પરમાત્મા જેવો જે તારો સ્વભાવ તેને દૃષ્ટિમાં લઈને મોક્ષનું સાધન કર. આ શરીર ને આ સંયોગો તો ક્ષણભંગુર છે. એમાં તો ક્યાંય સુખની છાયા નથી. સુખીમાં પૂર્ણ સુખી તો સર્વજ્ઞ પરમાત્મા છે, બીજા સુખી મુનિવરો છે—જેઓ આનન્દની ઉર્મિપૂર્વક સર્વજ્ઞપદને સાધી રહ્યા છે, ને ત્રીજા સુખી સમ્યગ્દૃષ્ટિ—ધર્માત્મા છે—જેણે ચૈતન્યના પરમ આનંદસ્વભાવને પ્રતીતમાં લીધો છે ને એનો સ્વાદ ચાખ્યો છે. આવા સુખનો અભિલાષી જીવ પ્રથમ સમ્યગ્દર્શન પ્રગટ કરીને મુનિધર્મનું કે શ્રાવકધર્મનું પાલન કરે છે. તેનો આ ઉપદેશ છે.

સંસારભ્રમણમાં જીવને પ્રથમ તો નિગોદાદિ એકેન્દ્રિયમાંથી નીકળીને ત્રસપણું પામવું બહું દુર્લભ છે, ત્રસપણામાંય પંચેન્દ્રિયપણું ને મનુષ્યપણું પામવું દુર્લભ છે. દુર્લભ હોવા છતાં જીવ અનંતવાર તે પામી ચુક્યો છે પરંતુ સમ્યગ્દર્શન તે કદી પામ્યો નથી. માટે મુનિરાજ કહે છે કે હે ભવ્ય ! આ દુર્લભ મનુષ્યપણામાં તું સમ્યગ્દર્શનની પ્રાપ્તિ કરીને શુદ્ધોપયોગરૂપ મુનિધર્મની ઉપાસના કર; ને એટલું ન બની શકે તો શ્રાવકધર્મનું પાલન કર.

જુઓ, અહીં એ પણ કહ્યું કે જો મુનિપણું ન થઈ શકે તો શ્રાવકધર્મ પાળજે, — પરંતુ મુનિપણાનું સ્વરૂપ અન્યથા માનીશ નહિ. શુદ્ધોપયોગ વગરના એકલા રાગને કે વસ્ત્ર ત્યાગને મુનિપણું માની લ્યે તો તો શ્રદ્ધા પણ સાચી રહેતી નથી એટલે એને તો શ્રાવકનો ધર્મ પણ રહેતો નથી. ભલે કદાચ મુનિપણું ન લઈ શકાય પણ જો અંદર તેના સ્વરૂપની પ્રતીત બરાબર જાળવી રાખે તો સમ્યગ્દર્શન ટકી રહેશે; માટે તારાથી વિશેષ ન થાય તો જેટલું થાય તેટલું કરજે પણ શ્રદ્ધામાં તો વિપરીત માનીશ નહિ. શ્રદ્ધા સાચી હશે તો તેના બળે મોક્ષમાર્ગ ટકી રહેશે. શ્રદ્ધામાં જ ગોટા વાળીશ તો મોક્ષમાર્ગથી ભ્રષ્ટ થઈ જઈશ.

સમ્યગ્દર્શનથી જે શુદ્ધાત્માને પ્રતીતમાં લીધો તેમાં ઉગ્ર લીનતાથી શુદ્ધોપયોગ પ્રગટે ને પ્રચૂર આનંદનું સંવેદન અંતરમાં વર્તતું હોય, બહારમાં વસ્ત્રાદિ પરિગ્રહ છૂટી ગયા હોય—એવી મુનિદશા છે. અહો, એમાં તો ઘણી વીતરાગતા છે, એ તો પરમેષ્ઠીપદ


**પરમાણુને ‘પુદ્‌ગલદરવ’ વ્યપદેશ છે નિશ્ચય થકી;**
**ને સ્કંધને ‘પુદ્‌ગલદરવ’ વ્યપદેશ છે વ્યવહારથી. ૨૯. –શ્રી નિયમસાર**

છે. કુંદકુંદસ્વામી પોતે આવી મુનિદશામાં વર્તે છે, તેઓ પ્રવચનસારના મંગલાચરણમાં પંચપરમેષ્ઠી-ભગવંતોને વંદન કરે છે, તેમાં કહે છે કે 'જેમણે પરમ શુદ્ધ–ઉપયોગભૂમિકાને પ્રાપ્ત કરી છે એવા શ્રમણોને પ્રણમું છું.' શુદ્ધોપયોગનું નામ ચારિત્ર છે, મોહ ને ક્ષોભ વગરના જે આત્મપરિણામ તે ચારિત્રધર્મ છે, તે જ મુનિપણું છે. મુનિમાર્ગ શું છે તેની જગતને ખબર નથી. કુંદકુંદાચાર્ય જેવા જે પદને નમસ્કાર કરે—એ મુનિપદ કેવું ? અહા, 'णमो लोए सव्व साहूणं' એમ કહીને પંચપરમેષ્ઠીપદમાં જેને નમસ્કાર થાય—એ સાધુપદના મહિમાની શી વાત !! એ તો મોક્ષનું સાક્ષાત્ કારણ છે.

અહીં કહે છે કે હે જીવ ! મોક્ષનું સાક્ષાત્ કારણ એવું આ શુદ્ધ ચારિત્ર તેને તું અંગીકાર કર, સમ્યગ્દર્શન ઉપરાંત આવી ચારિત્રદશા પ્રગટ કર. ચારિત્રદશા વગર મોક્ષ નથી. ક્ષાયિક સમ્યક્ત્વ અને ત્રણ જ્ઞાન સહિત એવા તીર્થંકર પણ જ્યારે શુદ્ધોપયોગરૂપ ચારિત્રદશા પ્રગટ કરે ત્યારે જ મુનિપણું ને કેવળજ્ઞાન પામે છે. તેથી સમ્યગ્દર્શન પામીને આવી ચારિત્રદશા પ્રગટ કરવી તે ઉત્તમ માર્ગ છે. પરંતુ લોકનિષેધથી અને પોતાના પરિણામમાં તે પ્રકારની શિથિલતાથી જો ચારિત્રદશા લઈ ન શકાય તો શ્રાવકને યોગ્ય વ્રતાદિ કરવા. દિગંબર મુનિદશા પાળવી તેમાં તો ઘણી વીતરાગતા છે; પરિણામની શક્તિ જોયા વગર એમ ને એમ મુનિપણું લઈ લ્યે ને પછી પાળી ન શકે તો ઊલટું મુનિમાર્ગની નિંદા થાય. માટે પોતાના શુદ્ધપરિણામની શક્તિ જોઈને મુનિપણું લેવું; શક્તિની મંદતા હોય તો મુનિપણાની ભાવનાપૂર્વક શ્રાવકધર્મનું આચરણ કરવું. પરંતુ તેના મૂળમાં સમ્યગ્દર્શન તો પહેલાં હોય જ, તેમાં નબળાઈ ન ચાલે. સમ્યક્ત્વમાં થોડુંક ને વિશેષ એવા પ્રકાર ન પડે, ચારિત્રમાં થોડુંક ને વિશેષ એવા બે પ્રકાર પડે.

શ્રાવકને બે કષાયોના અભાવ જેટલી શુદ્ધિ છે ને મુનિને ત્રણ કષાયોના અભાવ જેટલી શુદ્ધિ છે; જેટલી શુદ્ધતા તેટલો નિશ્ચયધર્મ છે ને તેટલો મોક્ષમાર્ગ છે, ને તે ભૂમિકામાં દેવપૂજા વગેરેનો કે પંચમહાવ્રતાદિનો જે શુભરાગ છે તે વ્યવહારધર્મ છે, તે મોક્ષનું કારણ નથી પણ પુણ્યાસ્રવનું કારણ છે.—આમ શુદ્ધતા અને રાગ વચ્ચેનો ભેદ ઓળખવો જોઈએ. સમ્યક્ત્વરૂપ ભાવશુદ્ધિ વગર એકલા શુભ ને અશુભ ભાવ તો અનાદિથી બધા જીવોને થયા જ કરે છે; તે એકલા શુભને ખરેખર વ્યવહાર કહેતા નથી. નિશ્ચય વગર વ્યવહાર કેવો? નિશ્ચયપૂર્વક જે શુભરાગરૂપ વ્યવહાર છે તે પણ કાંઈ ખરેખર ધર્મ નથી; તો પછી નિશ્ચય વગરના એકલા શુભરાગની શી વાત ?—એને તો વ્યવહારધર્મ પણ ખરેખર ન કહેવાય. (ક્રમશઃ)

*



## પૂજ્ય બહેનશ્રી ચંપાબેનનાં વચનામૃત ઉપર પરમપૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના પ્રવચનો

### વચનામૃત–૧૨

દ્રવ્યદૃષ્ટિ પ્રગટી તેને હવે ચૈતન્યના તળ ઉપર જ દૃષ્ટિ છે. તેમાં પરિણતિ એકમેક થઈ ગઈ છે. ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે. સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી. જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે. ૧૨.

**'ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે.'**

વસ્તુ જેમ સહજ છે તેમ એની દૃષ્ટિ પણ સહજ છે. ચૈતન્યસ્વરૂપ જે ધ્રુવ છે તેમાં સ્વાભાવિક દૃષ્ટિ છે, સહજ દૃષ્ટિ છે; કૃત્રિમ કાંઈ કરવું છે–એમ નથી. લોકો અહીંની વાતો ઉડાડે છે કે વ્યવહારની તો કાંઈ વાત જ કરતા નથી. ભાઈ! વ્યવહારની વાતો શું કરે? વ્યવહાર હોય છે, પણ તેનો વિષય સંસાર છે. પર્યાયમાં અશુદ્ધતા છે, ભેદ છે, ગુણ અનેક છે;—એ તો જાણવાલાયક વિષય છે. વ્યવહારનયનો વિષય નથી એમ કહે તે એકાંત છે, અને વ્યવહારનયથી ધ્રુવ જણાય–પમાય એ પણ મિથ્યા એકાંત છે.

અહા! આવી વાત ! શું છે ? ભાઈ ! વ્યવહાર ને નિમિત્તથી લાભ માનવા જઈશ તો વસ્તુસ્વરૂપ હાથ નહિ આવે. વસ્તુના પરિણમનને પરની અપેક્ષા નથી; કેમ કે વસ્તુમાં અકાર્ય-કારણત્વ નામની શક્તિ ત્રિકાળ છે. તેથી આત્માના ધર્મરૂપ કાર્યને માટે રાગ ને વ્યવહારની અપેક્ષા નથી; અને વસ્તુનો જે મૂળ સ્વભાવ છે તે રાગ ને વ્યવહારનુ કારણ નથી. અહા ! આવી ચીજ છે! ચૈતન્યતળિયામાં જ સહજ દૃષ્ટિ છે.

**'સ્વાનુભૂતિના કાળે કે બહાર ઉપયોગ હોય ત્યારે પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, દૃષ્ટિ બહાર જતી જ નથી.'**

અહીં એમ કહે છે કે, ઉપયોગ જ્યારે આનંદની અનુભૂતિમાં હોય કે બહાર હોય—વિકલ્પમાં આવી જાય, શુભ ને અશુભ કોઈ રાગમાં પણ આવી જાય—ત્યારે

**જીવ-પુદ્‌ગલોને ગમન-સ્થાનનિમિત્ત ધર્મ-અધર્મ છે;**
**જીવાદિ સર્વ પદાર્થને અવગાહહેતુ આભ છે. ૩૦. –શ્રી નિયમસાર**

પણ તળ ઉપરથી દૃષ્ટિ છૂટતી નથી, ધ્રુવ ઉપરથી દૃષ્ટિ ખસતી નથી. આખા ધ્રુવ ઉપર જ એનું પરિણમન થઈ ગયું છે. જ્ઞાનીને શુભ કે અશુભ રાગ આવે, છતાં ધ્રુવ ઉપરની દૃષ્ટિ કદી ખસતી નથી. દૃષ્ટિમાં ધ્રુવને જે પકડ્યું છે, ત્યાં તે અંદર રહી ગયો છે.

દૃષ્ટિ બહાર જતી જ નથી. ઉપયોગ ભલે શુભ-અશુભમાં જાય, પણ દૃષ્ટિ બહાર જતી જ નથી. દૃષ્ટિનો વિષય જે ધ્રુવ ભગવાન, એનો આશ્રય લીધો એ લીધો.

**‘જ્ઞાની ચૈતન્યના પાતાળમાં પહોંચી ગયા છે; ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે; સાધનાની સહજ દશા સાધેલી છે.’**

અનાદિથી જે, પર્યાયમાં પહોંચેલ છે એ તો અંશમાં પહોંચેલ છે; એ તો અજ્ઞાની છે. ધર્મી જીવ ધ્રુવ પાતાળમાં પહોંચી ગયા છે. અસંખ્ય પ્રદેશ ઉપરની જે પર્યાય તે અંતરના પાતાળમાં—ધ્રુવમાં ગઈ છે. અહા! જેનાથી જન્મ-મરણનો અંત આવી જાય, અને કેવળજ્ઞાન થઈ જાય એવી આ વાતો છે! ચૈતન્યના તળિયાને પકડતાં અંદર શ્રદ્ધા-અપેક્ષાએ કેવળજ્ઞાન પ્રગટ્યું, એટલે કે સ્વભાવે સર્વજ્ઞપણું માન્યું નહોતું તે માન્યું. એ અંદરમાં જઈને, એકાગ્રતાની ધૂન લગાડીને કેવળજ્ઞાન પ્રગટ કરશે—જરૂર પ્રગટ કરશે. ચૈતન્યનાં તળિયાં જેણે જોયાં એની પર્યાયમાં ચૈતન્યની પૂર્ણ દશા પ્રગટે જ. અહા! પાતાળમાં જેણે પાણી જોયાં તેને પાણીની શેડ ફૂટશે જ—નીકળશે જ.

આવો મારગ છે. ધ્રુવ ગુફા છે અસંખ્યપ્રદેશી, ને તેની પર્યાય છે અસંખ્ય-પ્રદેશી; તે અસંખ્યપ્રદેશી પર્યાયની પાછળ ત્યાં જ ધ્રુવ છે; ત્યાં—ચૈતન્ય ભગવાન આત્માના ધ્રુવ પાતાળમાં—જ્ઞાની પહોંચી ગયા છે. જ્ઞાની આનંદમૂર્તિ ધ્રુવ જ્ઞાયકની

ઊંડી ઊંડી ગુફામાં, ઊંડે ઊંડે પહોંચી ગયા છે. સાધનાની સહજ દશા સાધેલી છે. સાધનાની સહજ દશા સ્વરૂપની પૂર્ણતાનું—કેવળજ્ઞાનની પ્રાપ્તિનું—સાધન છે. સ્વરૂપસાધનાની એ સહજ દશા જ્ઞાનીએ સાધી છે. અહા! બારમો બોલ! એકેક શબ્દે એકલું માખણ છે! (ક્રમશઃ) ❊



**આવલિ–સમયના ભેદથી બે ભેદ વા ત્રણ ભેદ છે;**
**સંસ્થાનથી સંખ્યાતગુણ આવલિપ્રમાણ અતીત છે. ૩૧.** **–શ્રી નિયમસાર**



# અધ્યાત્મયુગસ્રષ્ટા ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

## (સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન)

(ગતાંકથી ચાલુ)

શ્રીમદ્‌જીએ ગુરુમહિમા વર્ણવતાં કહ્યું છે કે—

અહો ! અહો ! શ્રી સદ્‌ગુરુ, કરુણાસિંધુ અપાર;
આ પામર પર પ્રભુ કર્યો, અહો! અહો ! ઉપકાર.

શું પ્રભુ ચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો, વર્તું ચરણાધીન.

આ દેહાદિ આજથી, વર્તો પ્રભુ આધીન,
દાસ, દાસ, હું દાસ છું, તેહ પ્રભુનો દીન.

પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવનો અપાર ઉપકારમહિમા, તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ ધન્યાવતાર આત્મજ્ઞાની પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વિવિધ પ્રસંગે બોલાયેલા શબ્દોમાં કહીને પૂજ્ય ગુરુદેવનું આ 'સંક્ષિપ્ત જીવનવૃત્ત તથા ઉપકારગુણકીર્તન' પૂરું કરું છું :—

''પૂજ્ય કહાનગુરુદેવથી તો મુક્તિનો માર્ગ મળ્યો છે. તેઓશ્રીએ ચારે બાજુથી મુક્તિનો માર્ગ પ્રકાશ્યો છે. ગુરુદેવનો અપાર ઉપકાર છે. તે ઉપકાર કેમ ભુલાય ?

ગુરુદેવનું દ્રવ્ય તો અલૌકિક છે. તેમનું શ્રુતજ્ઞાન અને વાણી આશ્ચર્યકારી છે.

પરમ ઉપકારી ગુરુદેવનું દ્રવ્ય મંગળ છે, તેમની અમૃતમય વાણી મંગળ છે. તેઓશ્રી મંગળમૂર્તિ છે, ભવોદધિતારણહાર છે, મહિમાવંત ગુણોથી ભરેલા છે.

પૂજ્ય ગુરુદેવનાં ચરણકમળની ભક્તિ અને તેમનું દાસત્વ નિરંતર હો.''

''તીર્થંકર ભગવંતોએ પ્રકાશેલો દિગંબર જૈનધર્મ જ સત્ય છે એમ ગુરુદેવે

**જીવોથી ને પુદ્‌ગલથી પણ સમયો અનંતગુણા કહ્યા;**
**તે કાળ છે પરમાર્થ, જે છે સ્થિત લોકાકાશમાં. ૩૨. –શ્રી નિયમસાર**

યુક્તિ-ન્યાયથી સર્વ પ્રકારે સ્પષ્ટપણે સમજાવ્યું છે. માર્ગની ઘણી છણાવટ કરી છે. દ્રવ્યની સ્વતંત્રતા, દ્રવ્ય-ગુણ-પર્યાય, ઉપાદાન-નિમિત્ત, નિશ્ચય-વ્યવહાર, આત્માનું શુદ્ધ સ્વરૂપ, સમ્યગ્દર્શન, સ્વાનુભૂતિ, મોક્ષમાર્ગ ઈત્યાદિ બધું તેઓશ્રીના પરમ પ્રતાપે આ કાળે સત્યરૂપે બહાર આવ્યું છે. ગુરુદેવની શ્રુતની ધારા કોઈ જુદી જ છે. તેમણે આપણને તરવાનો માર્ગ દેખાડ્યો છે. પ્રવચનમાં કેટલું ઘોળી ઘોળીને કાઢે છે! તેઓશ્રીના પ્રતાપે આખા ભારતમાં ઘણા જીવો મોક્ષના માર્ગને સમજવાનો પ્રયત્ન કરી રહ્યા છે. પંચમકાળમાં આવો યોગ મળ્યો તે આપણું પરમ સદ્‌ભાગ્ય છે. જીવનમાં બધો ઉપકાર ગુરુદેવનો જ છે. ગુરુદેવ ગુણથી ભરપૂર છે, મહિમાવંત છે. તેમના ચરણકમળની સેવા હૃદયમાં વસી રહો.''

''ગુરુદેવે શાસ્ત્રોનાં ગહન રહસ્યો ઉકેલીને સત્ય શોધી કાઢ્યું ને આપણી પાસે સ્પષ્ટ રીતે મૂક્યું છે. આપણે ક્યાંય સત્ય ગોતવા જવું પડ્યું નથી. ગુરુદેવનો પ્રતાપ કોઈ અદ્‌ભુત છે. 'આત્મા' શબ્દ બોલતાં શીખ્યા હોઈએ તો તે પણ ગુરુદેવના પ્રતાપે. 'ચૈતન્ય છું, જ્ઞાયક છું'—ઈત્યાદિ ઈત્યાદિ બધું ગુરુદેવના પ્રતાપે જ જણાયું છે....''

''....(શ્રી કહાનગુરુદેવે) પોતાનાં સાતિશય જ્ઞાન અને વાણી દ્વારા તત્ત્વ પ્રકાશી ભારતને જાગૃત કર્યું છે. ગુરુદેવનો અમાપ ઉપકાર છે. આ કાળે આવા માર્ગ સમજાવનાર ગુરુદેવ મળ્યા છે તે અહોભાગ્ય છે. સાતિશય ગુણરત્નોથી ભરપૂર ગુરુદેવનો મહિમા અને તેમનાં ચરણકમળની ભક્તિ અહોનિશ અંતરમાં રહો!''

—આ છે પ્રશમમૂર્તિ ભગવતી પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના શ્રીમુખેથી ભિન્ન ભિન્ન પ્રસંગે પ્રવહેલો, આધ્યાત્મિક યુગપુરુષ પરમકૃપાળુ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ઉપકારગરિમાયુક્ત લોકોત્તર મહિમા. આવા સાતિશય મહિમાવંત મહાપુરુષના પાવનયોગથી ભારતવર્ષનું આધ્યાત્મિક ક્ષેત્ર ઊજળું બન્યું છે. શુદ્ધાત્મદૃષ્ટિનું સુધાપાન કરાવનાર આ તરતા પુરુષના સત્સમાગમનો લાભ લેનાર મહાન ભાગ્યશાળી બન્યા છે. પરમપૂજ્ય પરમોપકારી ગુરુદેવનાં ચરણોમાં—તેમની માંગલિક પવિત્રતાને, પુરુષાર્થપ્રેરક ધ્યેયનિષ્ઠ જીવનને, સ્વાનુભૂતિમૂલક સન્માર્ગદર્શક ઉપદેશોને અને અનેકાનેક ઉપકારોને હૃદયમાં રાખીને—અત્યંત ભક્તિપૂર્વક ભાવભીનાં વંદન હો. તેઓશ્રીએ પ્રકાશેલ સ્વાનુભૂતિનો પાવન પંથ જગતમાં સદા જયવંત વર્તો અને આપણને સત્પુરુષાર્થની પ્રેરણાનું અમૃત નિરંતર પાયા કરો. (સમાપ્ત) ❊

**જીવપુદ્‌ગલાદિ પદાર્થને પરિણમનકારણ કાળ છે;**
**ધર્માદિ ચાર સ્વભાવગુણપર્યાયવંત પદાર્થ છે. ૩૩.** **–શ્રી નિયમસાર**

# યુવા વિભાગ

(આ વિભાગ અંતર્ગત મુમુક્ષુઓની પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે રાત્રિ સમયે થયેલી તત્ત્વચર્ચા આપવામાં આવી છે.)

શ્રોતા :—અભ્યાસ એટલે શું કરવું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—શાસ્ત્ર વાંચન, શ્રવણ, સત્સમાગમ કરવો જોઈએ.

શ્રોતા :—એ બધો અભ્યાસ સમ્યગ્દર્શન પામવા માટે તો અકિંચિત્કર છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ભલે સમ્યગ્દર્શન આત્માના લક્ષે જ થાય છે, તોપણ સ્વાધ્યાય, શ્રવણ, સત્સમાગમ આદિનો વિકલ્પ આવે જ, ભલે તેમાં પરલક્ષી જ્ઞાન નિર્મળ થાય છે. શાસ્ત્રમાં અનેક ઠેકાણે આવે છે કે આગમનો અભ્યાસ કરવો, સ્વના લક્ષે આગમનો અભ્યાસ કરવો. જેને આત્મા જોઈતો હોય તેને આત્મા બતાવનાર એવા દેવ-શાસ્ત્ર-ગુરુના સમાગમનો વિકલ્પ આવે જ.

શ્રોતા :—અંતરદૃષ્ટિ કરવાનો ઉપાય શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અંતરદૃષ્ટિ કરવાનો ઉપાય સ્વ-સન્મુખ થઈને અંતરમાં દૃષ્ટિ કરવી એ જ છે. સીધો અંતરમુખ થઈને વસ્તુને પકડે એ ઉપાય છે, પછી ઢીલાને વ્યવહારથી અનેક વાતો કહેવાય. સવિકલ્પ ભેદજ્ઞાનથી નિર્વિકલ્પ ભેદજ્ઞાન થાય એમ કથન આવે.

શ્રોતા :—સવિકલ્પ ભેદજ્ઞાનથી નિર્વિકલ્પ ભેદજ્ઞાન થાય તો ખરું ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સવિકલ્પ ભેદજ્ઞાનથી નિર્વિકલ્પ ભેદજ્ઞાન થાય નહિ પણ વ્યવહારથી કથનમાં આવે.

શ્રોતા :—ગુરુવાણીથી આત્મવસ્તુનો સ્વીકાર કરીએ છીએ છતાં અનુભવ થવામાં શું બાકી રહી જાય છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ગુરુવાણીથી સ્વીકાર કરવો કે વિકલ્પથી સ્વીકાર કરવો તે ખરો સ્વીકાર નથી. પોતાના ભાવથી–પોતાના આત્માથી સ્વીકાર થવો જોઈએ. કુંદકુંદ આચાર્યે કહ્યું છે કે અમે કહીએ છીએ તે તું તારા સ્વાનુભવથી પ્રમાણ કરજે. પોતાથી અંતરથી સાચો નિર્ણય કરે તેને અનુભવ થાય.

શ્રોતા :—આત્માની કેવી લગની લાગે તો છ માસમાં સમ્યગ્દર્શન થાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—જ્ઞાયક....જ્ઞાયક....જ્ઞાયકની લગની લાગવી જોઈએ. જ્ઞાયકની ધૂન લાગે તો છ માસમાં કાર્ય થઈ જાય અને ઉત્કૃષ્ટ લગની લાગે તો અંતર્મુહૂર્તમાં થઈ જાય.

શ્રોતા :—ચૈતન્યસ્વરૂપ આત્માને જ ગ્રહણ કરવા માટે કહ્યું. પરંતુ હું ચૈતન્યસ્વરૂપ આત્મા છું. એવું લક્ષ કરવા જતાં ભેદનો વિકલ્પ તો આવ્યા વિના રહેતો નથી. તો પછી વિકલ્પ રહિત આત્માને ગ્રહણ કેવી રીતે કરે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—પ્રથમ ભૂમિકામાં ગુણ-ગુણીના ભેદ આદિના વિકલ્પો આવે છે અવશ્ય, પરંતુ આત્માના ચૈતન્ય લક્ષણ વડે વિકલ્પોને ભિન્ન જાણીને અભેદ ચૈતન્યની તરફ ઢળવું થાય છે. ભેદ ભલે વચ્ચે આવે, પરંતુ મારા ચૈતન્યમાં તે ભેદ નથી. હું ચૈતન્ય અવસ્થાનો કર્તા, ચૈતન્યમાંથી મારી અવસ્થા કરું, ચૈતન્યદ્વારા કરું ઈત્યાદિ ષટ્કારકના ભેદ આવે ભલે, પરંતુ યથાર્થપણે છયે કારકોમાં ચૈતન્ય વસ્તુ એક જ છે, તે ચૈતન્યમાં કોઈ ભેદ નથી. આ રીતે ચૈતન્યસ્વભાવની મુખ્યતા કરીને ભેદને ગૌણ કરીને સ્વરૂપ સન્મુખ થઈને તેમાં જ એકાગ્રતા કરવાથી ચૈતન્યનું ગ્રહણ થાય છે. તે જ સમ્યગ્દર્શન છે અને તે જ ઉપાયથી મોક્ષ થાય છે. (ક્રમશઃ) ❋

---

(અનુસંધાન પેજ નં. ૧૪ થી ચાલુ)

ભાઈ ! રોવાનો ભાવ તે તો શોક છે, તે તો આર્ત્તધ્યાન છે, પાપ છે. શું તેનાથી શાંતિ થાય ! અરે ! તારા નિત્ય ચિદાનંદ સ્વભાવને યાદ કરીને શોકને છોડ તો શાંતિ થાય. અનંતા સંતો ચિદાનંદસ્વરૂપનું ધ્યાન કરીને કેવળજ્ઞાન પામ્યા છે, માટે તે ચિદાનંદસ્વરૂપની ભાવના કર. જેને ચિદાનંદસ્વરૂપની ભાવના નથી અને અનિત્ય સંયોગમાંથી સુખ લેવા માગે છે, તથા ક્રોધ-કામ-શોક વગેરેને સુખરૂપ માને છે તે જીવ મોહથી મૂઢ થયેલા છે.

વાસુદેવ-બળદેવ બન્ને ભાઈઓ મહા જોદ્ધા છે, તેમાં પહેલાં વાસુદેવ મરે એવો અનાદિ નિયમ છે અને પછી બળદેવ મોહને વશ ભાઈના મૃતક શરીરને છ મહિના સુધી ખંભે ઉપાડીને ફરે છે ! જુઓ મોહ ! તેને તો તે વખતે અંતરમાં આત્માનું ભાન છે. લક્ષ્મણને રામચંદ્રજી ઉપર કેવો પ્રેમ છે તેની પરીક્ષા કરવા દેવોએ લક્ષ્મણને કહ્યું :—''રામચંદ્રજી સ્વર્ગવાસ પામ્યા'' એ વાત સાંભળતા જ ''હા ! રા....મ'' એમ બોલતાં જ લક્ષ્મણજીનો દેહ છૂટી ગયો. જુઓ, ક્ષણિકતા ! દેહાદિ કાંઈ પણ સ્થિર રહેનાર નથી—એમ જાણીને હે જીવ ! તું તારા નિત્ય ચિદાનંદની ભાવના કર ને મહા મોહને છોડ. (ક્રમશઃ) ❋



# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

શ્રોતા :—એકવાર જ્ઞાની થયો અને આનંદ પ્રગટી ગયો તેને આનંદ ગમ્યો, કેવો આનંદ છે તે ખબર પડી, કેવી રીતે પ્રગટ થાય તે પણ ખબર પડી, તો પાછું બીજીવાર શુદ્ધોપયોગ આવતાં વખત શા માટે લાગે ?

પૂજ્ય બહેનશ્રી :—આ સ્વરૂપ આદરણીય છે, સ્વરૂપમાં ઠરવા જેવું છે, આ શુભાશુભ ભાવ હેય છે એવું શ્રદ્ધાનું બળ છે પણ એટલી લીનતા નથી. તે લીનતાની કચાશના કારણે તેને શુદ્ધોપયોગ આવતાં વાર લાગે છે. ત્યાં કાંઈ કૃત્રિમતા કરવાની નથી. કૃત્રિમ લીનતા કરીને અંદર કાંઈ ઠરી શકાતું નથી. બહારનો રાગ જે પડેલો છે અર્થાત્ આસક્તિઓ જે પડેલી છે તેનાથી અંદર ભેદજ્ઞાન તો થઈ ગયું છે; પણ પુરુષાર્થની કચાશને લીધે શુદ્ધોપયોગ આવતાં વાર લાગે છે.

ગૃહસ્થાશ્રમમાં સમ્યગ્દૃષ્ટિ પુરુષાર્થની મંદતાને કારણે બહારમાં રોકાયેલો હોય, બાહ્યના કાર્યની પ્રવૃત્તિઓના પ્રપંચમાં રોકાયેલો હોય તેમાંથી તેની પરિણતિ નિવૃત્ત થઈને અંદર લીન થઈ જાય ત્યારે તેને ફરીને અનુભૂતિ થાય છે. તેને પુરુષાર્થની મંદતાને કારણે એટલી વાર લાગે છે. તે કૃત્રિમતા કરીને અંદર જતો નથી. બહારના ગૃહસ્થાશ્રમનાં અનેક પ્રકારનાં કાર્યોમાં રોકાયેલો હોય, અનેક જાતના રાગમાં રોકાયેલો હોય ત્યારે પણ અંદર ભેદજ્ઞાનની ધારા પ્રવર્તે છે. હું છૂટો-છૂટો, તેનાથી નિરંતર છૂટો જ છું એવી છૂટાની ધારા પ્રવર્તે છે. તે ધારાના બળે પરની સાથે એકત્વરૂપે થતો નથી, ન્યારો રહે છે. મારું સ્વરૂપ તેનાથી જુદું છે, હું તો જ્ઞાતા છું, એવી ભેદજ્ઞાનની ધારાને કારણે તે ગમે તે કાર્યમાં જાય ત્યાં કર્તા થતો નથી.

જ્ઞાની અંતરમાં ઠરવા માગે છે, પણ પુરુષાર્થની મંદતાએ બહારમાં જોડાય છે. અત્યારે પૂર્ણ વીતરાગ થવાતું હોય તો આ કાંઈ જોતું નથી, એટલું શ્રદ્ધાનું બળ છે; પણ પુરુષાર્થની ગતિ એટલી થતી નથી એટલે બહારમાં રોકાય છે. અત્યારે જો પુરુષાર્થની

જિનસમયમાંહી કાળ છોડી શેષ પાંચ પદાર્થ જે
તે અસ્તિકાય કહ્યા; અનેકપ્રદેશયુત તે કાય છે. ૩૪. —શ્રી નિયમસાર

ગતિ ચાલે તો અંદરમાં જ જવું છે એવી ભાવના છે ને તે માટે નિરંતર પુરુષાર્થ કરે છે. જ્ઞાતાધારા ટકાવવા ને વૃદ્ધિ માટે તેના પુરુષાર્થની ગતિ ચાલુ છે, તેનો પુરુષાર્થ ક્ષણે ક્ષણે ચાલુ જ છે. જ્ઞાયકની જ્ઞાતાધારા અને ઉદયધારા તે બંને વચ્ચે ભેદજ્ઞાનની ધારા તો ચાલુ જ છે; પણ વિશેષ લીન થઈને અંતરમાં જવા માટે તેની પુરુષાર્થની મંદતા છે, એટલે જઈ શકતો નથી.

સમ્યગ્દર્શન થાય એટલે તરત જ તેને કેવળજ્ઞાન થઈ જાય એવું નથી. કારણ કે અનાદિકાળથી પરિણતિમાં જે અધ્યવસાનના બધા અંશ છે તેનાથી ભેદજ્ઞાન તો થયું, પણ ભેદજ્ઞાન થતાં જ બધો રાગ છૂટી જતો નથી એટલે તેને વાર લાગે છે. અનંતાનુબંધી કષાય ટળી ગયો છે, સ્વરૂપાચરણ પરિણતિ પ્રગટ થઈ છે, પણ અપ્રત્યાખ્યાન, પ્રત્યાખ્યાન એવા અલ્પ અલ્પ કષાયો છે તેને લઈને તે અંતરમાં વિશેષ ઠરી શકતો નથી, એટલી પુરુષાર્થની મંદતા છે. જ્ઞાયકની ધારા તો નિરંતર તૂટ પડ્યા વગર–દિવસ ને રાત એમ ને એમ ચાલ્યા જ કરે છે. એમાં તેને જરા પણ તૂટ પડતી નથી, એવી પુરુષાર્થની ધારા ચાલ્યા જ કરે છે. તેને અંતરમાં આનંદ કોઈ અપૂર્વ આવ્યો છે. સ્વાનુભૂતિ કોઈ જુદી લાગે છે ને અંદર ઠરવાનો પ્રયત્ન કરે છે; પણ ઠરી શકતો નથી.

શ્રોતા :—નિર્વિકલ્પ દશાના કાળમાં જ્ઞાન દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેને જાણે તો પણ તેમાં રાગ ઉત્પન્ન થતો નથી ?

પૂજ્ય બહેનશ્રી :—સાધક ત્રણેના ભેદ નથી પાડતો, નિર્વિકલ્પ દશામાં ભેદ પાડવા બેસતો નથી. તે તો તેને સહજ જાણે છે. પર્યાયનું વેદન ને દ્રવ્યનો સ્વભાવ સહજ એકસાથે તેને અંતરમાં જણાય છે. તે વિકલ્પથી ભેદ પાડવા બેસતો નથી, ઉપયોગ એકસાથે ભેદ પાડ્યા વિના બધું જાણી લે છે.

શ્રોતા :—બુદ્ધિપૂર્વક ભેદ પાડે તો રાગ ઉત્પન્ન થાય ?

પૂજ્ય બહેનશ્રી :—હા; પરંતુ બુદ્ધિપૂર્વક ભેદ પાડતો નથી કે આ ગુણ છે અને આ પર્યાય છે. તે તો સહજ જણાય છે. દ્રવ્ય–ગુણ–પર્યાયના ભેદ નથી પાડતો, તેના વેદનમાં સહજ આવી જાય છે.

**અણસંખ્ય, સંખ્ય, અનંત હોય પ્રદેશ મૂર્તિક દ્રવ્યને,**
**અણસંખ્ય જાણ પ્રદેશ ધર્મ, અધર્મ તેમ જ જીવને; ૩૫.** **–શ્રી નિયમસાર**

## બાળ વિભાગ

# જયકુમારની કથા

(ધન-ધાન્યાદિ દશ પરિગ્રહોનું પરિમાણ કરીને તેનાથી વધારે ઈચ્છા ન રાખવી તે પરિગ્રહ પરિમાણ નામનું અણુવ્રત કહેવાય છે.

અતિવાહન(હાથી, ઘોડા, બળદ વગેરે તેને ગજા ઉપરાંત ચલાવવું) અતિસંગ્રહ (ધાન્યાદિનો અતિસંગ્રહ કરવો), અતિવિસ્મય(બીજાનો વૈભવ જોઈને અતિવિસ્મય પામવું, અતિખેદ કરવો) અતિલોભ(બહુ લોભ કરવો) અને અતિભારવહન(બહુ ભાર લાદવો) એ પાંચ પરિગ્રહપરિમાણ અણુવ્રતના અતિચાર કહેવામાં આવ્યા છે.

પ્રથમ અહિંસાણુવ્રતના પ્રભાવથી (યમપાલ) ચાંડાલ ઉત્તમ અતિ આદર—સત્કાર પામ્યો, સત્યાણુવ્રતના પ્રભાવથી ધનદેવ શેઠ સત્કાર પામ્યા, અચૌર્યાણુવ્રતના પ્રભાવે વારિષેણ પ્રસિદ્ધિ પામ્યા, બ્રહ્મચર્યાણુવ્રતને લીધે નીલી નામની વણિકપુત્રી આદર-સત્કાર પામી તથા પરિગ્રહપરિમાણવ્રતને લીધે જયકુમાર પ્રસિદ્ધિ પામ્યા તે કથા અહીં આપવામાં આવે છે.)

કુરુજાંગલ દેશમાં હસ્તિનાપુરમાં કુરુવંશમાં સોમપ્રભ રાજા હતો. તેના પુત્ર જયને પરિગ્રહપરિમાણ અણુવ્રત હતું. તેને પોતાની ભાર્યા સુલોચનામાં જ પ્રવૃત્તિ હતી. એક દિવસ પૂર્વેના વિદ્યાધરના ભવના કથન પછી પૂર્વ જન્મની વિદ્યા જેમને પ્રગટ થઈ હતી તેવા જયકુમાર અને સુલોચના હિરણ્યધર્મા અને પ્રભાવતી વિદ્યાધરનું રૂપ ધારણ કરીને મેરુ આદિ ઉપર વંદના—ભક્તિ કરીને કૈલાસગિરિ ઉપર ભરત દ્વારા પ્રતિષ્ઠાપિત ચોવીસ જિનાલયોની વંદના કરવા આવ્યાં, તે દરમિયાન સૌધર્મ ઈન્દ્રે સ્વર્ગમાં જયકુમારના પરિગ્રહપરિમાણ વ્રતની પ્રશંસા કરી. તેની પરીક્ષા કરવા માટે રતિપ્રભા નામનો દેવ આવ્યો. પછી સ્ત્રીનું રૂપ લઈ ચાર વિલાસિનીઓ (દેવાંગનાઓ) સાથે જયકુમારની પાસે આવી બોલ્યો :

“જય ! સુલોચનાના સ્વયંવરમાં જેણે તમારી સાથે લડાઈ કરી હતી તે નમિ વિદ્યાધરની હું રાણી છું. હું અત્યંત રૂપવતી છું, નવ યૌવનવતી છું, બધી વિદ્યાઓને ધારણ કરું છું અને મારું ચિત્ત તેનાથી (નમિ વિદ્યાધર રાજાથી) વિરક્ત થયું છે. જો તેના રાજ્યની અને પોતાના જીવનની ઈચ્છા હોય તો મને સ્વીકારો.”

એ સાંભળીને જયકુમારે કહ્યું : “હે સુંદરી ! એમ બોલ મા. પરસ્ત્રી મને માતા સમાન છે.” પછી તેણે (રતિપ્રભદેવે) જય ઉપર મહાન ઉપસર્ગ કર્યો, છતાં તેનું (જયનું) ચિત્ત ચલિત થયું નહિ. પછી માયા સંકેલીને તેણે (દેવ) પૂર્વ વૃત્તાન્ત કહ્યું અને પ્રશંસા કરી તથા તેનો વસ્ત્રો આદિ દ્વારા સત્કાર કરી સ્વર્ગે ગયો.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થ સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ અનંત ઉપકારમય પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તેમના પરમ અનન્ય ભક્ત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય પ્રતાપે, આશીર્વાદથી દેવ-ગુરુ-શાસ્ત્રની ધર્મની આરાધનામય રહે છે. તથા પં.રત્નશ્રી હિંમતભાઈ જે. શાહે બનાવેલા સુમધુર કાવ્યોથી વાતાવરણ ભક્તિમય રહે છે :—

| | | |
|---|---|---|
| પ્રાતઃ ૫-૪૫ થી ૬-૦૫ | : | પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ ૭-૪૫ થી - | : | શ્રી જિનેન્દ્ર-પૂજન |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| સવારે ૯-૪૫ થી ૧૦-૩૦ | : | ધાર્મિક શિક્ષણવર્ગ (શ્રી નિયમસાર) |
| બપોરે પ્રવચન પહેલાં | : | પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૩-૧૫ થી ૪-૧૫ | : | શ્રી સમયસાર કળશટીકા ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીનાં ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૧૫ થી ૪-૪૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી વચનામૃત ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું **CD**-પ્રવચન |

આ વર્ષે પર્યુષણમહાપર્વ જ્ઞાનવૈરાગ્યભીની તત્ત્વોપાસના, મુનીન્દ્રમહિમા, પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય બહેનશ્રીની ઉપકારમહિમાની દૃષ્ટિથી પ્રભાવનાપૂર્ણ રહ્યું. પર્યુષણપર્વની આરાધના માટે બહારગામથી અનેક મુમુક્ષુ મહેમાનો પધાર્યા હતા. વિધાનપૂજાના સમયે તથા પ્રવચનના સમયે વિશાળ પરમાગમમંદિર ભરાઈ જતું હતું. ક્ષમાવણીપર્વના દિવસે, આ સાધનાતીર્થની પવિત્ર યાત્રા તથા પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રી પ્રતિ ક્ષમાવણીસ્તુતિપૂર્વક ક્ષમાયાચના માટે રાજકોટ તથા અન્ય ગામોથી બધા મળીને ૫૦૦ થી વધુ મુમુક્ષુ મહાનુભાવ આવ્યા હતા.

### ✻ 'સમયસાર ગુજરાતી અનુવાદ'ની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ : વિજ્યાદશમી ✻

શ્રી સમયસાર પરમાગમના કરાયેલ અનુવાદની પૂર્ણાહુતિનો વાર્ષિક દિવસ આસો સુદ ૧૦ (દશેરા) તા. ૩-૧૦-૨૦૧૪ શુક્રવારના રોજ સમયસારની વિશેષ ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

✻ **મહાવીરનિર્વાણ-પંચાહ્નિક-મહોત્સવ :** પ્રતિવર્ષાનુસાર 'શ્રી મહાવીર નિર્વાણ-કલ્યાણક'—દીપાવલીનો મંગલ અવસર આસો વદ અગિયારસ, રવિવાર તા. ૧૯-૧૦-૧૪ થી આસો વદ ૩૦, ગુરુવાર તા. ૨૩-૧૦-૧૪, પાંચ દિવસ સુધી 'શ્રી જિનેન્દ્ર પંચકલ્યાણકમંડલ વિધાનપૂજા', મહાવીર જિનેન્દ્રભક્તિ તથા અધ્યાત્મજ્ઞાનોપાસના આદિ વિવિધ કાર્યક્રમપૂર્વક ઊજવવામાં આવશે.

✻ **સુપ્રભાત દિન :** કારતક સુદ એકમ–નૂતન વર્ષારંભનો 'સુપ્રભાતદિન' તા. ૨૪-૧૦-૧૪, શુક્રવારના દિવસે સુપ્રભાતસ્તોત્ર, પૂજાભક્તિ તથા ગુરુદેવશ્રીના સુપ્રભાત-પ્રવચન આદિ વિશેષ સમારોહપૂર્વક ઊજવવામાં આવશે.

✻ **કાર્તિકી-નંદીશ્વર-અષ્ટાહ્નિકા** : કારતક સુદ ૭, ગુરુવાર, તા. ૩૧-૧૦-૨૦૧૪ થી કારતક સુદ ૧૫, ગુરુવાર, તા. ૬-૧૧-૨૦૧૪—આઠ દિવસ સુધી 'પંચમેરુ-નંદીશ્વર પૂજનવિધાન' તથા અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક આનંદોલ્લાસપૂર્વક ઊજવવામાં આવશે.

## અધ્યાત્મતીર્થ સોનગઢમાં આર્ટ કેમ્પ સંપન્ન

આધ્યાત્મિક સત્પુરુષ પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૨૫મા જન્મજયંતી વર્ષમાં તેઓશ્રીની સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ સોનગઢ (સૌરાષ્ટ્ર)માં આર્ટ કેમ્પ સફળતાપૂર્વક સંપન્ન થયો. આ આર્ટકેમ્પનું આયોજન તા. ૨૨-૮-૨૦૧૪ થી તા. ૨૬-૮-૨૦૧૪ સુધી શ્રી દિગમ્બર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢના સાંનિધ્યમાં શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈના સૌજન્યથી પેન્ટરનેટ કું. લી. મુંબઈ દ્વારા સ્વાધ્યાયમંદિરના પરિસરમાં કરવામાં આવ્યું.

આ કેમ્પમાં આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ૩૦ કલાકારોએ ભાગ લીધો હતો. તેઓએ જૈનદર્શનના સિદ્ધાંતો, જિનેન્દ્ર ભગવંતો અને પૂજ્ય ગુરુદેવશ્રીની વિભિન્ન મુદ્રાઓના ખૂબ જ અદ્ભુત ચિત્રો બનાવ્યાં. કેમ્પમાં બનાવવામાં આવેલ ચિત્રોનું પ્રદર્શન ભારતના મુખ્ય નગરોમાં તથા વિદેશોમાં કર્યા બાદ તે ચિત્રોને એક સંગ્રહાલય બનાવીને સાધર્મીઓના અવલોકનાર્થે રાખવાની ભાવના છે.

— શ્રી કુંદકુંદ-કહાન પારમાર્થિક ટ્રસ્ટ, મુંબઈ

## વૈરાગ્ય સમાચાર :—

વિંછિયાનિવાસી (હાલ મુલુંડ-મુંબઈ) શ્રી લીલાધરભાઈ ધનજીભાઈ અજમેરા તા. ૧૩-૦૬-૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ ઘાટકોપર ભજનમંડળીના સભ્ય હતા.

વિંછિયાનિવાસી (હાલ ઘાટકોપર-મુંબઈ) સ્વ. અમૃતલાલ જીવણલાલ શાહ (બોટાદરા)ના ધર્મપત્ની ભાનુમતી અમૃતલાલ શાહ તા. ૧૮-૦૭-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

ગાંધીનગરનિવાસી શ્રીમતી ગુણવંતીબેન રમણભાઈ શાહ (ઉ.વ. ૬૬) તા. ૨૪-૦૭-૨૦૧૪ના રોજ દેહ પરિવર્તન કરેલ છે. તેઓ છેલ્લા ૧૫ વર્ષથી સોનગઢ રહેતા હતા.

વિંછિયાનિવાસી (હાલ ઘાટકોપર-મુંબઈ) ચેતનાબેન સતીષકુમાર શાહ (ઉ.વ. ૫૧) તા. ૨૯-૭-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

વ્રિજલાલ વિઠ્ઠલદાસ પારેખ, હાલ પૂના (ઉ.વ. ૮૮) તા. ૧૩-૮-૨૦૧૪ના રોજ સ્વર્ગવાસ પામેલ છે.

અરવિંદભાઈ મગનલાલ કામદાર, સાવરકુંડલાવાળા (ઉ.વ. ૬૫) તા. ૨૬-૮-૧૪ના રોજ દેહ પરિવર્તન કરેલ છે.

ગૌહાટીનિવાસી (હાલ રાજકોટ) શ્રી વિનોદભાઈ વાલજીભાઈ મહેતા (ઉ.વ. ૬૭) તા. ૩-૯-૧૪ના રોજ હાર્ટએટેકથી સ્વર્ગવાસ પામ્યા છે.

સ્વર્ગસ્થ આત્માઓએ વારંવાર સોનગઢ આવીને પરમ કૃપાળુ ગુરુદેવશ્રીની ભવનાશક અધ્યાત્મ-અમૃતવાણીનો ઘણો લાભ લીધો હોવાથી દેવ-ગુરુનું સ્મરણ, જ્ઞાયકનું રટણ ને આત્મચિંતન કરતાં કરતાં શાંતિથી દેહ છોડ્યો હતો. તેઓ વીતરાગ દેવ-ગુરુ-ધર્મના ઉપાસક, તત્ત્વચિંતક હતા. પરમ કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીના શરણમાં પ્રાપ્ત કરેલાં આત્મસંસ્કારો વૃદ્ધિ પામીને વીતરાગ દેવ-ગુરુ-ધર્મના શરણમાં તેઓ શીઘ્ર આત્મોન્નતિ પામો એ જ ભાવના.

## (૧૭)

## પ્રૌઢ વ્યક્તિઓ માટેના પ્રશ્નોત્તર

નીચે આપેલ વાક્યોમાંથી જેના જવાબ સાચા હોય તેની આગળ ✓ નિશાની કરો અને જેના જવાબ ખોટા હોય તેની આગળ × નિશાની કરો.

(૩૨૧) તિર્યંચ સમ્યગ્દષ્ટિ જીવ મરીને મનુષ્યગતિમાં જાય છે. .........

(૩૨૨) પરસત્તાવલંબી જ્ઞાન પણ મોક્ષનું કારણ છે. .........

(૩૨૩) સમકિતી જ્ઞાની અનુભવી જીવને પણ આર્તધ્યાન અને રૌદ્રધ્યાન થઈ જાય છે. .........

(૩૨૪) પર્યાય એક સમય પૂરતી ક્ષણિક છે તેથી પર્યાય નથી જ એમ જરૂર કહી શકાય. .........

(૩૨૫) નિમિત્તથી કાર્ય થાય છે તેમ માને તે મિથ્યાદૃષ્ટિ છે અને નિમિત્ત વગર કાર્ય થાય તેમ નથી તેમ માને તેપણ મિથ્યાદૃષ્ટિ છે. .........

(૩૨૬) મિથ્યાત્વદશામાં જીવને આયુષ્યનો બંધ પડી ગયો હોય અને પાછળથી સમ્યક્દર્શન થાય તો તેની ગતિ બદલાઈ જાય છે. .........

(૩૨૭) પર્યાયો અક્રમવર્તી અને ગુણો ક્રમવર્તી છે. .........

(૩૨૮) જે સમયે સિદ્ધદશાનો ઉત્પાદ તે જ સમયે સંસારદશાનો વ્યય ને આત્મદ્રવ્ય ધ્રુવ હોય છે. .........

(૩૨૯) જો જીવ તીવ્ર પાપ કરે તો જરૂર તે ભવ્યમાંથી અભવ્ય થઈ જાય છે.

(૩૩૦) આત્માની એક એક શક્તિને જુદા લક્ષમાં લેવાથી શક્તિનું નિર્મળ ......... પરિણમન થાય છે. .........

(૩૩૧) દ્રવ્યમાં ઉત્પાદ, વ્યય, ધ્રૌવ્ય બધું હોવાથી દ્રવ્ય અને પર્યાય સમાન કોટિના છે .........

(૩૩૨) ગૃહસ્થદશામાં જ્ઞાનીને પરિગ્રહની મમતા સર્વથા છૂટતી નથી. .........

(૩૩૩) દ્રવ્ય અને પર્યાય બન્નેનું સામર્થ્ય એક સરખું છે. .........

(૩૩૪) ધર્મ આત્માના ધ્યાન દ્વારા થઈ શકે છે માટે ચારેય પ્રકારનાં ધ્યાન જીવે અવશ્ય કરવા જોઈએ. .........

(૩૩૫) એક સાથે જાણવું તથા પરિણમન કરવું તેને સમય કહે છે. .........

(૩૩૬) જ્ઞાની જીવને પહેલા ગુણસ્થાન પછી બીજું ગુણસ્થાન આવે છે. .........

(૩૩૭) નિયમસારની અદ્ભુત ટીકા શ્રી અમૃતચંદ્રાચાર્યે કરી છે. .........

(૩૩૮) પર્યાયોમાં કોઈ પર્યાય ક્રમબદ્ધ છે અને કોઈ અક્રમબદ્ધ છે. .........

(૩૩૯) નય પક્ષના વિકલ્પોનું ફળ પણ ભવ કરનારું છે. .........

(૩૪૦) પર્યાય તથા ગુણ બન્ને ક્રમબદ્ધ છે. .........

# પ્રૌઢ વ્યક્તિઓ માટેના આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર-૨૦૧૪ના ઉત્તર

(૩૦૧) મોક્ષમાં
(૩૦૨) મોક્ષમાં
(૩૦૩) મનુષ્ય ગતિ
(૩૦૪) સ્વર્ગમાં
(૩૦૫) મોક્ષમાં
(૩૦૬) સ્વર્ગમાં
(૩૦૭) મોક્ષમાં
(૩૦૮) મોક્ષમાં
(૩૦૯) નરકમાં
(૩૧૦) સ્વર્ગમાં
(૩૧૧) મોક્ષમાં
(૩૧૨) મોક્ષમાં
(૩૧૩) સ્વર્ગમાં
(૩૧૪) સ્વર્ગમાં
(૩૧૫) મનુષ્યગતિ
(૩૧૬) નરકમાં
(૩૧૭) નરકમાં
(૩૧૮) મોક્ષમાં
(૩૧૯) સ્વર્ગમાં
(૩૨૦) મનુષ્યગતિ

## (૧૭)

## બાળકો માટેના પ્રશ્નોત્તર

દીપાવલી પર્વ નજદીક આવતો હોવાથી દરેક પ્રશ્નના ઉત્તર **દિ અથવા દી** થી શરૂ થશે

(૩૨૧) એક તહેવારનું નામ .....................

(૩૨૨) પૂજામાં વપરાતા એક દ્રવ્યનું નામ ...........................

(૩૨૩) પૂજ્ય ગુરુદેવશ્રીના મોટાભાઈનું નામ ...........................

(૩૨૪) ભગવાનની ૐ ધ્વનિનું અપર નામ ...........................

(૩૨૫) ફતેહકુમાર (પૂજ્ય ગુરુદેવશ્રીનો પૂર્વભવ)ના પિતાનું નામ........................

(૩૨૬) અનુભવપ્રકાશના રચયિતાનું નામ........................

(૩૨૭) શ્રી શીતલનાથ ભગવાનના પિતાનું નામ ..........................

(૩૨૮) ...................... શુભાશુભ ભાવોંસે મેરા વ્યાપાર ચલા કરતા.

(૩૨૯) પૂજ્ય ગુરુદેવનો પૂર્વ એક મનુષ્યભવ ................. તરીકેનો હતો.

(૩૩૦) પૂજ્ય ગુરુદેવશ્રી ઘણીવાર પ્રવચનમાં કહે છે કે ........... પલટ તો દશા પલટાઈ જશે.

(૩૩૧) શ્રાવકના બાર વ્રતમાંથી એક વ્રતનું નામ...........................

(૩૩૨) સમવસરણમાં .................... અને રાત્રીનો ભેદ હોતો નથી.

(૩૩૩) હો ......................... શ્રીપતી કરુણા નિધાનજી.

(૩૩૪) ....................... જૈનધર્મ અનાદિ નિધન છે.

(૩૩૫) ભવનવાસી દેવોનો એક પ્રકાર ......................

(૩૩૬) તપઋદ્ધિનો એક પ્રકાર ......................

(૩૩૭) ................. અમરચંદજીએ સિંહને જલેબી ખવડાવી હતી.

(૩૩૮) તીર્થંકર ................. લેતાં પહેલાં બાર ભાવનાનું ચિંતવન કરે છે.

(૩૩૯) સમ્યક્ કારણ જાન, જ્ઞાન કારજ હૈ સોઈ
યુગપત હોતે હુ પ્રકાશ ................ તૈ હોઈ.

(૩૪૦) ............ વિટપ પહુપનકી વરસા, દુંદુભી આસન વાણી સરસા.

# બાળકો માટેના આપેલ પ્રશ્ન સપ્ટેમ્બર–૨૦૧૪ના ઉત્તર

(૩૦૧) પારસનાથ ભગવાન
(૩૦૨) પાકર ફળ
(૩૦૩) પાપ
(૩૦૪) પાવાગઢ
(૩૦૫) પાતાળલોક
(૩૦૬) પારમાર્થિક પ્રત્યક્ષ
(૩૦૭) પારિણામિક ભાવ
(૩૦૮) પારસનાથ ભગવાન
(૩૦૯) પાત્ર જીવને
(૩૧૦) પાદપ્રક્ષાલ
(૩૧૧) પાલખી
(૩૧૨) પાપ પ્રકૃતિ
(૩૧૩) પાદાનુસારિણી ૠદ્ધિ
(૩૧૪) પારાની જેમ
(૩૧૫) પાત્રતા
(૩૧૬) પાચક
(૩૧૭) પાક્ષિક શ્રાવક
(૩૧૮) પારસમણિ
(૩૧૯) પાદ
(૩૨૦) પાખંડ

# પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર

✻ જ્ઞાનના ક્ષયોપશમનું વજન નથી પણ અનુભૂતિનું વજન છે. તેથી કહે છે કે આત્માને અનુલક્ષીને આત્માના સ્વાદનો અનુભવ થવો તે અનુભૂતિ છે અને બાર અંગમાં પણ અનુભૂતિનું વર્ણન કર્યું છે—અનુભૂતિ કરવાનું કહ્યું છે. અનાકુળ જ્ઞાન ને અનાકુળ આનંદનો અનુભવ કરવો એમ બાર અંગમાં કહ્યું છે. શુદ્ધ આત્માની દૃષ્ટિ કરીને સ્થિરતા કરવી એમ તેમાં કહ્યું છે. બાર અંગથી વિશેષ શ્રુતજ્ઞાન ન હોય. તેમાં ચારેય અનુયોગનું જ્ઞાન આવી જાય છે—એવું ઉત્કૃષ્ટ બાર અંગનું જ્ઞાન તે મોક્ષમાર્ગ નથી. બાર અંગવાળાને સમ્યગ્દર્શન હોય જ—સમ્યગ્દર્શન વિના બાર અંગનું જ્ઞાન ન જ હોય પણ તે ક્ષયોપશમજ્ઞાન તે મોક્ષમાર્ગ નથી પરંતુ અનુભૂતિ તે મોક્ષમાર્ગ છે. આટલો બધો ઉઘાડ થયો માટે મોક્ષમાર્ગ વધી ગયો તેમ નથી. ૭૯.

✻ પ્રશ્ન :—વ્યક્ત પર્યાય છે તે ખ્યાલામાં આવે છે પણ અવ્યક્ત દ્રવ્યનો શી રીતે ખ્યાલ આવે ?

ઉત્તર :—પહેલા શાસ્ત્ર આદિથી જાણપણું કરવું જોઈએ. રાગની પર્યાય વ્યક્ત છે તે તો ખ્યાલમાં લ્યે છે પણ તેની પાછળ અવ્યક્ત ભગવાન પડ્યો છે તેને લક્ષમાં લેવો જોઈએ. વ્યક્ત પર્યાયનું અસ્તિત્વ તો એક સમયનું છે. તેની પાછળ અવ્યક્ત ભગવાન છે તેનું ત્રિકાળ ટકતું મહાન અસ્તિત્વ પડ્યું છે તેને લક્ષમાં લઈને તેના સંસ્કારને પહેલા દૃઢ કરવા જોઈએ. લાખ વાત બીજી આવે. ક્રિયાકાંડ—શુભરાગ અનેક પ્રકારના હો, પણ તેમાં લક્ષ જતાં લાભ નથી, નુકશાન છે. સ્વના આશ્રયથી જ લાભ થાય છે. એવા દૃઢ સંસ્કાર પહેલા નાખે તો પછી અવ્યક્ત ભગવાન અનુભવમાં આવે છે. ૮૦.

✻ પ્રશ્ન :—અંતરનો માર્ગ બહુ કઠણ લાગે છે ?

ઉત્તર :—અંતરનો માર્ગ કઠણ નથી. સહેલો છે, હળવો છે, સરળ છે, કઠણ તો જે થઈ શકે નહીં તે હોય. લાખ પ્રયત્ન કરે છતાં પરમાણુ આત્માનો થાય નહિ, એથી એ કઠણ કહેવાય પણ આત્માનો માર્ગ તો અંતરના પ્રયત્નથી પમાય છે. માટે તે જ થઈ શકે તેવું સરળ ને સહજ કાર્ય છે, માત્ર અણ—અભ્યાસથી કઠણ લાગે છે. ૮૧

આત્મધર્મ
ઓક્ટોબર-૨૦૧૪
અંક-૨ ✻ વર્ષ-૯

Posted at Songadh PO
Publish on 1-10-2014
Posted on 1-10-2014

Registered Regn. No. BVR-367/2012-2014
Renewed upto 31-12-2014
RNI Registration No. GUJGUJ/2006/18667
વાર્ષિક લવાજમ રૂા. ૯/- આજીવન લવાજમ રૂા. ૧૦૧/-

## સ્વસંવેદન સ્વરૂપ

આત્મા શુદ્ધ ચિદાનંદમૂર્તિ છે. તેની રુચિ કરીને અને રાગની-વ્યવહારની રુચિ છોડીને જે ક્ષણે આત્માના આનંદનો અનુભવ થાય તે નિશ્ચય રત્નત્રય છે. વચ્ચે શુભરાગ આવતાં ભગવાનની પ્રતિમાનું બહુમાન-ભક્તિ આવે છે કેમ કે સ્વસંવેદનરૂપ વીતરાગમુદ્રા દેખી પોતે પોતાના સ્વસંવેદનભાવરૂપ પોતાનું સ્વરૂપ વિચારે છે. મારો આત્મા રાગથી કે પરથી અનુભવમાં આવે તેવો નથી. પણ જ્ઞાનથી જ સ્વસંવેદનમાં આવે તેવો છે. એવા ભાન સહિત ભગવાનની વીતરાગમુદ્રા દેખીને પોતે તેનો વિચાર કરે છે. અહો! આ સ્વસંવેદન વડે રાગ ટાળીને ભગવાન ચિદ્‌બિંબ-જિનબિંબ અક્રિય વીતરાગ થયા. મારું સ્વરૂપ પણ તેવું જ ચિદ્‌બિંબ—જિનબિંબ છે.

—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી

Printed & published by Hasmukhbhai Popatlal Vora on behalf of shri Digambar Jain Swadhyay Mandir Trust and Printed at Kahan Mudranalay, Jain Vidhyarthi Gruh, At-Songadh Pin-364250 and published from Shri Digambar Jain Swadhyay Mandir Trust At-Songadh, Ta. sihor, Dist. Bhavnagar Pin-364250.

Editor : Anantrai Vrajlal Shah.

If undelivered Please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
**SONGADH**-364 250 (INDIA)
Phone No. (02846) 244334
Fax (02846) 244662

www.kanjiswami.org
email : contact@kanjiswami.org